વડોદરાથી દર શુક્રવારે પ્રસિધ્ધ થતુ નિડર અને નિષ્પક્ષ અખબાર
@dailypulsenews24
ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશ.

# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીસ મો. ૯૯૦૯૯ ૧૧૧૭૫ R.N.I. NO : GJGUJ/25/A1447

Year : 1 • Issue : 19 • Date :- 07-11-2025 - Friday • Price Rs. 2 • Place Of Publication :- 703, Starline Complex, Alkapuri, Opp. Circuit House, Vadodara - 380007

વર્ષ : ૦૧ અંક : ૧૯ તા. ૦૭-૧૧-૨૦૨૫ શુક્રવાર વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/- છુટક નકલ : કિંમત રૂા. ૨/- ૭૦૩ સ્ટારલાઈન કોમ્પલેક્ષ, અલકાપુરી, સરકીટ હાઉસ સામે, વડોદરા-૩૯૦૦૦૭

### જયપુરમાં ડમ્પરે ૫૦થી વધુ લોકોને કચડ્યા

# ડમ્પરે અનેક ગાડીઓને ટક્કર મારતા ૧૪ ના મોત

જયપુર,

રાજસ્થાનના જયપુરમાં ડમ્પરે અનેક ગાડીઓને ટક્કર મારતા ૧૪ લોકોના મોત થયા છે જ્યારે ૪૦ ઈજાગ્રસ્ત છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગંભીર ઈજાના કારણે મોતનો આંકડો હજુ પણ વધે તેવી આશંકા છે. સ્થાનિકોનો દાવો છે કે બેફામ ડમ્પર ચાલકે સૌથી પહેલા એક કારને ટક્કર મારી અને પછી અન્ય ગાડીઓને કચડતો ગયો. અકસ્માત એટલો ભીષણ હતો કે ડમ્પરના ૩૦થી ૪૦ ગાડીઓની એક બીજામાં ટક્કર થઈ. ડમ્પરની સામે જે આવ્યું તેને ટક્કર મારી અને આશરે ૫૦ લોકોને કચડી નાંખ્યા. ડ્રાઈવરે ચિક્કાર દારૂ પીધો હોવાનો પણ દાવો છે.

અકસ્માત બાદ હોસ્પિટલમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાથમિક ધોરણે પોલીસે કહ્યું છે કે ડમ્પર ચાલકે ૫થી વધુ ગાડીઓને ટક્કર મારી ૫૦ લોકોને કચડ્યાં છે, જેના કારણે ૧૪ લોકોના મોત થયાના અહેવાલ છે. કેટલાક લોકો ગાડીઓની નીચે દબાઈ ગયા હતા.

લોહા મંડી રોડ નંબર ૧૪ પર થયેલા આ અકસ્માત બાદ ગાડીઓના ફૂરચાં ઊડી ગયા હતા. અકસ્માત બપોરે ૧ વાગ્યાની આસપાસ થયો. ડમ્પર અનેક વાહનો અને માણસોને કચડતો ગયો પછી છેલ્લે મોટા ડિવાઈડર સાથે અથડાઈ ઊભો રહ્યો. ઘટના એટલી ઝડપથી બની કે લોકોને બચીને ભાગવાનો મોકો પણ ન મળ્યો. રસ્તા પર જ્યાં ત્યાં લોકોના મૃતદેહ




વિખેરાઈ ગયા. અનેક લોકોના શરીરના અંગ પણ કપાઈને રસ્તા પર વિખેરાઈ ગયા હતા. ઈજાગ્રસ્તો રસ્તા પર મદદની માંગ સાથે તડપતાં હતા. પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો પહોંચ્યા હતા ડમ્પરને હટાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી. વાહનો ક્ષતિગ્રસ્ત થયા બાદ અનેક લોકો કારની અંદર જ ફસાઈ ગયા હતા. તેમને કટિંગ મશીનની મદદથી બહાર કાઢવામાં આવ્યા. હાલ તો પોલીસ મૃતકોની ઓળખ કરી તેમના પરિજનોને જાણ કરવાનો પ્રયાસ કરી રહી છે. સ્થાનિકોમાંથી કેટલાકનો દાવો છે કે ડ્રાઈવર નશામાં હતો જ્યારે કેટલાકનો દાવો છે કે બ્રેક ફેઈલ થઈ હતી. સમગ્ર મામલે પોલીસ તપાસ બાદ જ સત્ય બહાર આવશે.

તેલંગાણાના રંગારેડ્ડીમાં નેશનલ હાઈવે પર સોમવારે સવારે ડમ્પર અને બસ વચ્ચે ટક્કરમાં ૨૦ મુસાફરોએ જીવ ગુમાવ્યો હતો. બસ તંદૂરથી હૈદરાબાદ જઈ રહી છે જેમાં ૭૦થી વધુ મુસાફરો સવાર હતા. પ્રાથમિક માહિતી અનુસાર ડમ્પર ડ્રાઈવરે કાબૂ ગુમાવતાં બસ સાથે ટક્કર થઈ હતી. ટક્કર બાદ બસના ફૂરચાં ઊડી ગયા હતા અને ડમ્પરમાં ભરવામાં આવેલી નીચે પડતાં કેટલાક લોકો તેમાં દટાઈ પણ ગયા હતા. આ ઘટનાથી સ્થાનિક રહેવાસીઓ રોષે ભરાયા છે અને ડમ્પર ચાલક અને માલિક બંને સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે. તેમના પ્રિયજનોના મૃત્યુના સમાચાર સાંભળીને પરિવારજનો ખૂબ જ દુઃખી થઈ ગયા હતા. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. બીજી તરફ રાજસ્થાનના ફલોદી જિલ્લામાં ભારતમાલા એક્સપ્રેસ પર રવિવારે રાત્રે ભીષણ અકસ્માતમાં ૧૫ લોકોએ જીવ ગુમાવ્યો. જોધપુરના ૧૮ શ્રદ્ધાળુ બિકાનેરથી દર્શન કરી પરત ફરી રહ્યા હતા ત્યારે ટેમ્પો ટ્રાવેલર રસ્તા પર ઊભેલી ટ્રકમાં ઘૂસી ગઈ હતી.

### માર્ચ ૨૦૨૬ સુધીમાં કરશે ૭ ધમાકેદાર મિશન લોન્ચ...

## સેટેલાઇટ સફળતા બાદ ઇસરોની મિશન રેસ શરૂ



નવી દિલ્હી,

ઈસરો દ્વારા હાલમાં જ સૌથી મોટો સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યો છે. એ સેટેલાઈટને **LVM3** રોકેટની મદદથી લોન્ચ કરવામાં આવ્યું હતું. આ લોન્ચની સફળતા બાદ ઈસરો ફરી તરત જ અન્ય મિશન પર કામે લાગી ગયું છે. તેઓ માર્ચ ૨૦૨૬ પહેલાં સાત મિશન લોન્ચ કરવાના છે. આ તમામ મિશન ખૂબ જ મહત્વના છે કારણ કે એના દ્વારા ભારત સ્પેસ એક્સપ્લોરેશનમાં ખૂબ જ આગળ વધી રહ્યું છે. એમાં સ્પેસફ્લાઈટ, સેટેલાઈટ લોન્ચ અને એડવાન્સ રોકેટ ટેસ્ટિંગ જેવા મિશનનો સમાવેશ થાય છે.

**G1** મિશનઃ ગગનયાન મિશન માટેનું આ સૌથી પહેલી ફ્લાઈટ છે. આ મિશન દ્વારા ફ્લાઈટને ટેસ્ટ કરવામાં આવશે અને એથી પહેલી ટેસ્ટને ૨૧ નામ આપવામાં આવ્યું છે. આ મિશન હેઠળ ક્રૂ મોડ્યુલ સિસ્ટમ, લાઈફ સપોર્ટ અને રી-એન્ટ્રીની ક્ષમતાને ટેસ્ટ કરવામાં આવશે. મનુષ્યને અંતરિક્ષમાં મોકલવા પહેલાં આ ટેસ્ટ ખૂબ જ જરૂરી છે.

**G2** મિશનઃ **G1** મિશનની સફળતા બાદ ગગનયાન પ્રોગ્રામ હેઠળ બીજી વાર ક્રૂ વગર ફ્લાઈટને ટેસ્ટ કરવામાં આવશે. આ ટેસ્ટમાં ક્રૂની સેફ્ટી માટે જરૂરી સુધારા કરવામાં આવશે અને એની ટેસ્ટ કરવામાં આવશે. તેમ જ નવી ટેકનોલોજીનો સમાવેશ કરવામાં આવશે. તેમ જ મિશન માટે આ ફ્લાઈટ પર કેટલું નિર્ભર રહી શકાય એ ટેસ્ટ કરવામાં આવશે.

**G3** મિશનઃ **G2** મિશનની સફળતા બાદ વધુ એક વાર ક્રૂનો સમાવેશ કર્યા વગર ફ્લાઈટ ટેસ્ટ કરવામાં આવશે. આ ટેસ્ટમાં ક્રૂનો સમાવેશ કરી મિશન લોન્ચ કરવા માટે એ કેટલું યોગ્ય છે એને ટેસ્ટ કરવામાં આવશે.ગગનયાન મિશનઃ ત્રણ મિશનની ટેસ્ટ બાદ આ મિશનમાં અંતરિક્ષયાત્રીઓને સ્પેસમાં મોકલવામાં આવશે. ભારતના આ પહેલા માનવ આધારિત મિશનમાં તેઓ ત્રણ દિવસ સુધી પૃથ્વીની લોઅર ઓર્બિટમાં ભ્રમણ કરશે. આ મિશન દ્વારા ભારત દુનિયાને તેમની સ્પેસફ્લાઈટ વિશેની ક્ષમતાનો પરચો આપશે.

**SSLV-D3** મિશનઃ આ મિશનનું આખું નામ સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હિકલ - ડેવલપમેન્ટલ ફ્લાઈટ ૩ છે. પૃથ્વીની લો ઓર્બિટમાં નાની સેટેલાઈટને લોન્ચ કરવા માટે આ મિશન કરવામાં આવી રહ્યું છે. આ સેટેલાઈટ ઓછા પૈસે સારું કામ કરી શકે એ ટેસ્ટ કરવામાં આવશે. તેમ જ સેટેલાઈટને તરત જ દિશા બદલી શકાય અને ચોક્કસ સ્ટ્રેટેજી હેઠળ એનો ઉપયોગ કરી શકાય કે નહીં એ ચેક કરવામાં આવશે. આ સેટેલાઈટ યુદ્ધ દરમિયાન ખૂબ જ સારી રીતે કામ આવી શકે છે.

**INSAT-3DS** મિશનઃ આ એક નેક્સ્ટ જનરેશન મીટિયોરોલોજિકલ સેટેલાઈટ છે. એના દ્વારા આબોહવાની આગાહી વધુ સારી રીતે કરી શકાશે. તેમજ કુદરતી આફત વિશે વધુ ચોક્કસ રીતે માહિતી મેળવી અને ચેતવણી મળી અને આપી શકાશે. એના દ્વારા ક્લાઈમેટને પણ મોનિટર કરવામાં આવશે.

**PSLV-C60** મિશનઃ પોલર સેટેલાઈટ લોન્ચ વ્હિકલનો ઉપયોગ કરીને એક સાથે ઘણી બધી સેટેલાઈટ લોન્ચ કરવામાં આવશે. આ સેટેલાઈટ દ્વારા પૃથ્વી પર નિરિક્ષણ કરવાની સાથે રીમોટ સેન્સિંગ અને વૈજ્ઞાનિક રિસર્ચમાં પણ એ કામમાં આવશે.

# સુપ્રીમ કોર્ટ દ્વારા ઝટકો અપાયા બાદ મોદી સરકારનું નરમ વલણ

નવી દિલ્હી,

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (MGNREGA)ને લઈને સુપ્રીમ કોર્ટમાં ઝટકો લાગ્યાના થોડા દિવસો બાદ જ, ગ્રામીણ વિકાસ મંત્રાલયે પશ્ચિમ બંગાળમાં આ યોજનાને ખાસ શરતો સાથે ફરીથી શરૂ કરવા પર વિચાર કરવાનો નિર્ણય લીધો છે. ત્રણ વર્ષથી વધુ સમયથી રાજ્યમાં બંધ પડેલી આ યોજનાને ફરી શરૂ કરવા માટે તૃણમૂલ કોંગ્રેસની આગેવાની હેઠળની સરકાર સતત કેન્દ્ર સરકારને વિનંતી કરી રહી હતી. હવે જે માહિતી સામે આવી રહી છે તે મુજબ, આ યોજનાની ફરી શરૂઆત થઈ શકે છે.

મીડિયા રિપોર્ટ્સ મુજબ, મંત્રાલયે ગયા અઠવાડિયે વડાપ્રધાન કાર્યાલય (PMO)ને માહિતી આપી હતી કે તે કેટલીક ખાસ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પશ્ચિમ બંગાળમાં મનરેગા યોજનાને ફરી શરૂ કરવા પર વિચાર કરી શકે છે. તેના પ્રતિભાવમાં, PMOએ મંત્રાલય પાસેથી આ સમગ્ર મામલે એક સવિસ્તૃત રિપોર્ટની માંગણી કરી હતી. આ ઘટનાક્રમ ૨૭ ઓક્ટોબરે સુપ્રીમ કોર્ટ દ્વારા કેન્દ્રની વિશેષ મંજૂરી અરજી (SLP)ને ફગાવી દેવાયા પછી આવ્યો છે. કેન્દ્ર સરકારે કલકત્તા હાઈકોર્ટના ૧૮ જૂનના આદેશને પડકાર્યો હતો, જેમાં મનરેગા યોજનાને ૧ ઓગસ્ટ, ૨૦૨૫થી પશ્ચિમ બંગાળમાં લાગુ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટ સમક્ષ, હાઈકોર્ટે કેન્દ્ર સરકારને એ અધિકાર આપ્યો હતો કે તે રાજ્યમાં યોજનાના અમલ માટે વિશેષ શરતો, નિયંત્રણો અને નિયમો લાદી શકે છે, જેથી ભવિષ્યમાં કોઈ પણ પ્રકારની ગેરકાયદેસરતા કે અનિયમિતતા અટકાવી શકાય. જોકે, હાઈકોર્ટના આદેશનો અમલ થાય તેના બરાબર એક દિવસ પહેલાં, એટલે કે ૩૧



જુલાઈએ, કેન્દ્ર સરકારે આ આદેશને પડકારવા માટે સુપ્રીમ કોર્ટમાં વિશેષ મંજૂરી અરજી (SLP) દાખલ કરી હતી. જોકે, સુપ્રીમ કોર્ટે ૨૭ ઓક્ટોબરના રોજ આ અરજીને ફગાવી દીધી. MGNREGA અધિનિયમ, ૨૦૦૫ની કલમ ૨૭ને ટાંકીને, કેન્દ્ર સરકારે ૯ માર્ચ, ૨૦૨૨ના રોજ પશ્ચિમ બંગાળને ફંડ આપવાનું બંધ કરી દીધું હતું. આ નિર્ણય પાછળનું કારણ કેન્દ્રીય નિર્દેશોનું પાલન ન થવું જણાવાયું હતું. ફંડ બંધ થયા બાદ, રાજ્યમાં આ યોજના હેઠળ કોઈ કામ થયું નથી. જોકે, આ યોજના સસ્પેન્ડ થઈ તે પહેલાં, ૨૦૧૪-૧૫થી ૨૦૨૧-૨૨ દરમિયાન, દર વર્ષે રાજ્યના ૫૧ લાખથી ૮૦ લાખ જેટલા પરિવારો આ યોજનાનો લાભ લેતા હતા. કેન્દ્ર સરકારે કલકત્તા હાઈકોર્ટના ૧૮ જૂનના આદેશને પડકાર્યો હતો, જેમાં મનરેગા યોજનાને ૧ ઓગસ્ટ, ૨૦૨૫થી પશ્ચિમ બંગાળમાં લાગુ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટ સમક્ષ, હાઈકોર્ટે કેન્દ્ર સરકારને એ અધિકાર આપ્યો હતો કે તે રાજ્યમાં યોજનાના અમલ માટે વિશેષ શરતો, નિયંત્રણો અને નિયમો લાદી શકે છે, જેથી ભવિષ્યમાં કોઈ પણ પ્રકારની ગેરકાયદેસરતા કે અનિયમિતતા અટકાવી શકાય. જોકે, હાઈકોર્ટના આદેશનો અમલ થાય તેના બરાબર એક દિવસ પહેલાં, એટલે કે ૩૧ જુલાઈએ, કેન્દ્ર સરકારે આ આદેશને પડકારવા માટે સુપ્રીમ કોર્ટમાં વિશેષ મંજૂરી અરજી (SLP) દાખલ કરી હતી. હવે, સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ, ગ્રામીણ વિકાસ મંત્રાલય ભ્રષ્ટાચાર અને અનિયમિતતાઓને અટકાવવાના ઉદ્દેશ્યથી, ખાસ શરતો સાથે યોજનાને ફરીથી શરૂ કરવા પર વિચાર કરી રહ્યું છે.

### ચૂંટણી પંચ વિરુદ્ધ સ્ટાલિને મોરચો માંડ્યો!

## SIR મુદ્દે ૪૪ રાજકીય પક્ષોએ SCની શરણમાં



નવી દિલ્હી,

તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિનના નેતૃત્વમાં ૪૪ રાજકીય પક્ષોએ ચૂંટણી પંચ **(EC)** સામે સુપ્રીમ કોર્ટના દ્વાર ખટખટાવ્યા છે. પક્ષોએ મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન **(SIR)** સામે આ પગલું લેવાનો નિર્ણય લીધો છે. રાજ્યમાં ૨૦૨૬માં ચૂંટણીઓ યોજાવાની છે. તે પહેલાં, આ પક્ષોએ ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીના સુધારાને લોકશાહી વિરોધી ગણાવ્યું છે.

**SIR** વિરુદ્ધની બેઠકમાં કુલ ૪૪ પક્ષોએ ભાગ લીધો હતો. જેમાં દિવંગત અભિનેતા અને રાજકારણી વિજયકાંતની પાર્ટી **DMDK** પણ સામેલ થઈ હતી. જોકે, **DMDK** કોઈપણ ગઠબંધનનો ભાગ નથી. **AIADMK** અને **BJP**ને બેઠકમાં આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. મીડિયા અહેવાલ મુજબ અભિનેતા વિજયની પાર્ટી તમિલગા વેટ્રી કઝગમ **(TVK)**, એસ. રામદોસની **PMK** અને **TTV** પણ હાજર રહી ન હતી. તાજેતરમાં **NDA**થી અલગ થયેલા દિનાકરનની **AMMK**ને પણ બેઠકમાં આમંત્રણ મળ્યું હોવા છતાં હાજરી આપી ન હતી.

બેઠકમાં પસાર કરવામાં આવેલા એક પ્રસ્તાવમાં વિવિધ પાર્ટીએ ચૂંટણી પંચ સમક્ષ રિવિઝનની પ્રક્રિયા રોકવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, બિહારમાં આ પ્રક્રિયા સાથે જોડાયેલા એક કેસમાં સુપ્રીમ કોર્ટનો નિર્ણય હજુ સુધી આવ્યો નથી. પ્રસ્તાવમાં ચૂંટણી પંચ પર નિશાન સાધતા કેન્દ્ર અને ભાજપના નેતૃત્વ હેઠળની સરકારની કઠપૂતળી ગણાવ્યું છે. દાવો કરવામાં આવ્યો છે કે, આ રિવીઝનથી લઘુમતી અને વિપક્ષ તરફ સોફ્ટ કોર્નર રાખતા મતદારોનો મત આપવાનો હક છીનવાઈ જશે.અભિનેતા વિજયની પાર્ટી **TVK**એ સ્ટાલિનની બેઠકમાં હાજરી આપી ન હતી. જોકે, **TVK** એ **SIR** ને કાનૂની પડકાર આપવાના સમર્થનમાં એક આકરું નિવેદન જાહેર કર્યું છે. **TVK**એ જણાવ્યું હતું કે અગાઉ, જ્યારે બિહારમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ ઈલેક્ટોરલ રોલ રિવિઝન માટે નોટિફિકેશન રજૂ કરવામાં આવ્યું હતું, ત્યારે **TVK** એ તેનો સખત વિરોધ કર્યો હતો અને તેની પાછળના ઈરાદાઓ વિશે ચેતવણી આપી હતી. બિહારમાં લાખો મતદારોના નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા હતા. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે વિપક્ષો સતત આરોપ મૂકી રહ્યા છે કે, ધાર્મિક લઘુમતીઓના મતદારો સહિત અમુક લોકોને મત યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન સંબંધિત એક કેસ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે.

### AIIMSના પૂર્વ ડિરેક્ટર ગુલેરિયાની ચેતવણી

# ફેફસાં નબળા હોય તેવા લોકો તાત્કાલિક દિલ્હી છોડે

નવી દિલ્હી,

દિલ્હીની હવા હવે ઝેરી બની ગઈ છે. છેલ્લા કેટલાક દિવસોથી પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે.

આ મોતની ચાદરના કારણે દિલ્હીવાસીઓને શ્વાસ લેવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હવે ડૉક્ટર્સનું કહેવું છે કે રાજધાનીની હવા એટલી પ્રદૂષિત થઈ ગઈ છે કે અહીં રહેવું પણ મુશ્કેલ બની રહ્યું છે. **AIIMS**ના પૂર્વ ડિરેક્ટર અને દેશના પ્રમુખ પલ્મોનોલોજિસ્ટ ડૉ. રણદીપ ગુલેરિયાએ એક મોટી ચેતવણી આપી છે. તેમણે ભારપૂર્વક કહ્યું છે કે રાજધાનીમાં હાલમાં હેલ્થ ઈમરજન્સી જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. હાલમાં દિલ્હીની હવાની ગુણવત્તા અત્યંત ખતરનાક સ્તરે પહોંચી ગઈ છે. જે લોકોના ફેફસાં નબળા હોય તેવા લોકોએ તાત્કાલિક દિલ્હી છોડી દેવું જોઈએ. જો કોઈ વ્યક્તિ દિલ્હી છોડી ન શકે તો તેમણે પોતાની સુરક્ષા માટે સંપૂર્ણ સાવચેતી રાખવી જોઈએ, માસ્ક પહેરવું જોઈએ. ઘરોમાં એર ફિલ્ટરનો ઉપયોગ કરી શકાય છે.

ડૉ. ગુલેરિયાના મતે રાજધાનીમાં વધતું પ્રદૂષણ ખામોશ મૃત્યુ આપી રહ્યું છે અને તે **COVID-19** કરતાં પણ વધુ ખતરનાક સાબિત થઈ શકે છે. હાલમાં પ્રદૂષણ માત્ર લોકોના ફેફસાંને જ અસર નથી કરી રહ્યું, પરંતુ તે લોહી સુધી પહોંચી ગયું છે અને શરીરને ગંભીર નુકસાન પહોંચાડી રહ્યું છે. **PM 2.5** જેવા સૂક્ષ્મ કણો માનવ રક્તમાં બળતરા વધારી રહ્યા છે, બ્લડ પ્રેશરમાં વધારો થઈ રહ્યો છે અને કોલેસ્ટ્રોલનું સ્તર પણ વધારી રહ્યા છે.તેમનું કહેવું છે કે દુઃખદ વાત એ છે કે જો કોઈ વ્યક્તિ પ્રદૂષણને કારણે મૃત્યુ પામે તો પણ ડેથ સર્ટિફિકેટમાં એર પોલ્યૂશનને કારણ તરીકે સૂચિબદ્ધ કરવામાં નથી



આવતું. પરંતુ સત્ય એ જ છે કે વર્તમાનમાં જેટલી પણ ગંભીર બીમારીઓ છે તેમાં પ્રદૂષણ એક નિર્ણાયક પરિબળ બની ગયું છે. પ્રદૂષણની અસરો માત્ર શરીર સુધી મર્યાદિત નથી.

તંત્રી લેખ

# ઝેરી હવાનું વ્યસન

પાટનગર નવી દિલ્હીમાં જેટલા બુદ્ધિજીવીઓ છે એ તમામ કોઈક ચમત્કારની આશાએ બેઠા છે કે હમણાં હવા વિશુદ્ધ થઈ જશે. પણ હવે એમ કંઈ થવાનું નથી. વિવિધ પ્રકારના પ્રદૂષણજન્ય રોગ અને મૃત્યુના આંકડાઓ આ મહાનગરના નિવાસીઓને ડરાવી શકતા નથી. કદાચ તેઓને આહીંની ઝેરી હવાનું વ્યસન લાગી ગયું છે. જે રીતે મુંબઈને લોકલ ટ્રેનની ધક્કામુક્કીમાં અપડાઉનનું વ્યસન છે એમ. બેંગ્લોરને સાવ કીડી ગતિના ટ્રાફિકનું વ્યસન છે. આવનારા વરસોમાં અમદાવાદનો ટ્રાફિક પણ પૂર્ણતઃ ધીમી ગતિના સમાચાર બનશે. પ્રદૂષણ સંકટના ઘાતક પરિણામો, જેના વિશે મીડિયા, પર્યાવરણ સાથે સંકળાયેલા લોકો અને સંગઠનો દાયકાઓથી ચેતવણી આપી રહ્યા છે, તેના વિકરાળ ફલિતવ્ય હવે સ્પષ્ટપણે જોઈ શકાય છે. માત્ર રાજધાની અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર જ નહીં, પરંતુ હવે દેશના નાના અને મોટા શહેરોમાંથી જીવલેણ પ્રદૂષણના અહેવાલો આવી રહ્યા છે. આ જીવલેણ સંકટની પુષ્ટિ ખૂબ જ પ્રતિષ્ઠિત તબીબી જર્નલ ધ લેન્સેટના તાજેતરના અહેવાલ દ્વારા કરવામાં આવી છે.

દિવાળી પછી, દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર સહિત દેશના વિવિધ શહેરોમાં પ્રદૂષણ ખતરનાક સ્તરે પહોંચી ગયું છે. આ ચોક્કસપણે પરિસ્થિતિની ગંભીરતા દર્શાવે છે. એક આંતરરાષ્ટ્રીય એજન્સીએ તો દિલ્હીને વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર પણ જાહેર કર્યું છે. હોસ્પિટલોમાં પ્રદૂષણ સંબંધિત રોગોની સારવાર લેનારા લોકોની સંખ્યામાં અણધાર્યો વધારો થયો છે. ગુજરાન ચલાવવા માટે સંઘર્ષ કરી રહેલા લોકોને ખ્યાલ પણ નથી કે તેઓ દરરોજ કેટલી ઝેરી હવા શ્વાસમાં લઈ રહ્યા છે. આપણા શહેરી-કેન્દ્રિત વિકાસની અસંગતતાઓ પણ શહેરોમાં પ્રદૂષણ ફેલાવવામાં ફાળો આપી રહી છે. શહેરોમાં ઉગી નીકળેલા કોંક્રિટના જંગલો માત્ર હવાના કુદરતી પ્રવાહને જ અવરોધી રહ્યા નથી, પરંતુ વાહનોના ધસારાને પણ વેગ આપી રહ્યા છે. વિડંબના એ છે કે, આમ હોવા છતાં, રાજકીય પક્ષો અને સરકારોમાં કાર્યવાહી કરવાની ઈચ્છાશક્તિનો અભાવ છે. ભારતીય રાજકારણમાં વાતો કરનારા, ખોટા વચનો આપનારા અને નિરંતર પ્રજાને બેવકૂફ બનાવનારાઓનો શંભુમેળો છે. એ ભૂતાવળ પોતાની તિજોરી ભરવામાં વ્યસ્ત હોય છે. આ પ્રદૂષણ સંકટ શરમજનક છે. તે આપણી સામૂહિક નિષ્ફળતાનું ચિત્ર દર્શાવે છે. શિયાળાની ઋતુ આવતાની સાથે જ દિલ્હી અને નજીકના શહેરોમાં પ્રદૂષણનું જે મોટું સંકટ જોવા મળે છે, તેને આખા વર્ષ દરમિયાન સાવધાનીપૂર્વક કેમ જોવામાં આવતું નથી? દેશમાં આર્થિક અસમાનતા અને ગરીબીને કારણે, લાખો લોકો અને બાળકોને બિનઆરોગ્યપ્રદ પરિસ્થિતિઓમાં કામ કરવાની ફરજ પડે છે, જે આખરે જીવલેણ રોગો તરફ દોરી જાય છે. દેશભરમાં લાખો બાળ મજૂરો ફટાકડા, કાર્પેટ અને અન્ય ઉદ્યોગોમાં કામ કરે છે જે શ્વસન રોગોના જોખમમાં ફાળો આપે છે. પ્રણાલીગત ભ્રષ્ટાચાર નિયમનકારી એજન્સીઓને પણ અટકાવે છે. હકીકતમાં, આ પ્રદૂષણ ફક્ત ઋતુ પરિવર્તન, ફટાકડા કે પરાળી બાળવાથી થતું નથી. તેનું મૂળ સરકારો દ્વારા પર્યાવરણને પ્રદૂષિત કરતી ઔદ્યોગિક અને બાંધકામ પ્રવૃત્તિઓને અપાતી મંજુરીઓ પણ છે. હકીકતમાં, આપણા જીવનની કૃત્રિમતા અને આરામ શોધતી જીવનશૈલીએ તે ઘાતક વાયુઓને પ્રોત્સાહન આપ્યું છે જે ગ્લોબલ વોર્મિંગ અને પ્રદૂષણનું કારણ બને છે. આ સમસ્યાનું એક પાસું એ છે કે દેશના લોકો આ આવનારા સંકટ પ્રત્યે સતત ઉદાસીન રહે છે. ચૂંટણી દરમિયાન આ કટોકટીનો સામનો કરવા માટે તે રાજકારણીઓ પર દબાણ કરતી નથી કે પોતાના અંગત જીવનમાં આવી કોઈ પહેલ કરતી નથી. આમ, આપણે આ વધતા પ્રદૂષણમાં ભાગીદાર બની રહ્યા છીએ. કાર્બન ઉત્સર્જન કરતા ઈંધણનો ઉપયોગ હવે ઓછો થયો હોવા છતાં, આ દિશામાં હજુ પણ કામ કરવાની જરૂર છે. આપણા અંગત જીવનમાં સ્વચ્છ ઉર્જાને જેટલું વધુ પ્રોત્સાહન આપીશું, તેટલું જ પ્રદૂષણ ધીમે ધીમે ઘટશે. જનતાએ સરકારો અને વહીવટીતંત્ર પર પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે સમયસર પગલાં લેવા દબાણ કરવું

રડતાં રડતાં જણાવી આપવીતી

# પાકિસ્તાને ૧૪ હિન્દુ પરિવારોને દેશમાંથી કાઢી મુકતા ચકચાર



ઈસ્લામાબાદ,

આજે ગુરુ નાનક જયંતિ છે, જેને પ્રકાશ ગુરુપર્વ તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતીય યાત્રાળુઓનો પહેલો સમૂહ શ્રી ગુરુ નાનક દેવજીના પ્રકાશ પર્વમાં હાજરી આપવા માટે પાકિસ્તાન ગયો હતો. યાત્રાળુઓમાં શીખ અને હિન્દુ બંનેનો સમાવેશ થતો હતો. જોકે, પાકિસ્તાને પોતાની કરતૂત બતાવી હતી. તેણે ધર્મની બાબતોમાં પણ તેનું ઘૃણાસ્પદ વર્તન દર્શાવ્યું હતું. પાકિસ્તાને નનાકાના સાહિબ ગુરુદ્વારામાં શીખ યાત્રાળુઓનું ફૂલોથી સ્વાગત કર્યું, પરંતુ હિન્દુ યાત્રાળુઓને સરહદ પાર કરવાની મંજૂરી આપી નહીં. પાકિસ્તાની અધિકારીઓએ શીખ જૂથમાં સાથે ગયેલા હિન્દુ યાત્રાળુઓને અપમાનિત કર્યા અને પાછા મોકલી દીધા હતા. પાકિસ્તાન દ્વારા આવા ૧૪ પરિવારો સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો છે.

પ્રથમ ગુરુ, શ્રી ગુરુ નાનક દેવજીની જન્મજયંતિ ઉજવવા માટે ભારતમાંથી શીખ યાત્રાના ભાગ રૂપે પાકિસ્તાન ગયેલા હિન્દુ પરિવારોના સભ્યોને પાકિસ્તાન ઈમિગ્રેશન દ્વારા પાછા મોકલવામાં આવ્યા હતા. પાકિસ્તાની અધિકારીઓ દ્વારા પાછા મોકલવામાં આવેલા આ હિન્દુ પરિવારો દિલ્હી, લખનઉં અને નવા શહેરના છે. પાકિસ્તાનથી પાછા મોકલવામાં આવ્યા બાદ તેમણે પોતાની કઠિન પરિસ્થિતિ વર્ણવી છે. તેમણે જણાવ્યું છે કે, પાકિસ્તાની રેન્જર્સે તેમનું અપમાન અને દુર્વ્યવહાર કર્યો હતો.

હિન્દુ યાત્રાળુઓના સભ્યો શ્રી ગંગા રામ અને શ્રી અમર ચંદે પાકિસ્તાનથી પરત ફર્યા બાદ અટારી બોર્ડર પર વાત કરતા જણાવ્યું હતું કે, તેમણે પાકિસ્તાની ગુરુદ્વારાઓની મુલાકાત લેવા માટે દિલ્હી શીખ ગુરુદ્વારા મેનેજમેન્ટ કમિટી પાસેથી વિઝા મેળવ્યા હતા અને ભારતથી શીખ યાત્રાળુ જૂથમાં જોડાયા હતા. જોકે, પાકિસ્તાનના વાઘા ખાતે પાકિસ્તાની ઈમિગ્રેશન અને રેન્જર્સના અધિકારીઓ દ્વારા તેમની સાથે ખૂબ જ કઠોર વર્તન કરવામાં આવ્યું હતું.

પહેલી પત્ની હોવા છતાં પુરુષે કરી લીધા નિકાહ

# ૯૯.૯૯% મુસ્લિમ મહિલાઓ પતિના બીજા લગ્નની વિરુદ્ધ



થિરુવનંતપૂરમ્,

કેરળ હાઈકોર્ટે મુસ્લિમ પુરુષના બીજા લગ્ન અંગે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. કોર્ટે જણાવ્યું હતું કે, જો કોઈ મુસ્લિમ પુરુષ પહેલી પત્ની હોવા છતાં બીજા લગ્ન કરવા માંગે છે, તો પહેલી પત્નીના મંતવ્યો સાંભળવા જોઈએ. કોર્ટે કહ્યું હતું કે, આવી પરિસ્થિતિમાં ધર્મ બીજા ક્રમે આવે છે. ન્યાયાધીશે એમ પણ કહ્યું હતું કે, ૯૯.૯૯% મુસ્લિમ મહિલાઓ તેમના પતિના બીજા લગ્નનો વિરોધ કરશે. બાર એન્ડ બેન્ચના અહેવાલ મુજબ, કોર્ટે જણાવ્યું હતું કે, બીજા લગ્ન માટે પહેલી પત્નીની સંમતિ લેવી આવશ્યક છે અને બીજા લગ્નની નોંધણી કરતી વખતે પરંપરાગત કાયદા લાગુ પડતા નથી. જણાવી દઈએ કે, કોર્ટે મુસ્લિમ પુરુષ અને તેની બીજી પત્ની દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરતી વખતે આ નિવેદન આપ્યું હતું. દંપતીએ રાજ્ય સરકારને તેમના લગ્ન નોંધણી કરાવવાની વિનંતી કરી હતી. કોર્ટે અરજીને એમ કહીને ફગાવી દીધી કે, પુરુષની પહેલી પત્ની આ કેસમાં પક્ષકાર નથી, અને તેથી, અરજી પર વિચાર કરી શકાય નહીં.અરજદારે જણાવ્યું હતું કે, તેણે બીજા લગ્નની નોંધણી કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વિભાગે ઈનકાર કર્યો હતો. પતિએ દલીલ કરી હતી કે, લગ્ન માટે પહેલી પત્નીની સંમતિ શામેલ છે. કોર્ટે જણાવ્યું હતું કે, નોંધણી અધિકારી પહેલી પત્નીનો પક્ષ સાંભળી શકે છે, અને જો તે પતિના બીજા લગ્નનો વિરોધ કરે છે, તો સંબંધિત નાગરિક સત્તાવાળા કોર્ટનો સંપર્ક કરી શકે છે.હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ પી.વી. કુન્હીકૃષ્ણને કહ્યું કે, "હું નથી માનતો કે, કુરાન અથવા મુસ્લિમ કાયદો પહેલી પત્ની જીવિત હોય અને તેની સાથે લગ્ન સંબંધોમાં જોડાયેલા હોય, તો કેરળ લગ્ન નોંધણી અધિનિયમ, ૨૦૦૮ હેઠળ બીજી સ્ત્રી સાથે વૈવાહિક સંબંધની મંજૂરી આપે." તેમણે ઉમેર્યું હતું કે, પતિના બીજા લગ્નની નોંધણી દરમિયાન પહેલી પત્ની મૂક પ્રેક્ષક બની શકે નહીં. ન્યાયાધીશ કુન્હીકૃષ્ણને જણાવ્યું હતું કે, પહેલી પત્નીની લાગણીઓને અવગણી શકાય નહીં. કોર્ટે નોંધ્યું હતું કે, મુસ્લિમ કાયદો ખાસ પરિસ્થિતિ ઓમાં બીજા લગ્નની મંજૂરી આપે છે. પર્સનલ લો બીજા લગ્નની પરવાનગી આપે છે, પરંતુ બીજા લગ્નની નોંધણી કરતી વખતે, દેશનો કાયદો લાગુ પડે છે, અને આવી સ્થિતિમાં, પહેલી પત્નીને પોતાનો કેસ રજૂ કરવાની તક આપવી જોઈએ.

ચીન-જાપાનને પછાડી આ ભારતીય શહેરે મારી બાજી

# મુંબઈ માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર એશિયામાં સૌથી ખુશ શહેર

## ૯૪ ટકા રહેવાસીઓએ કહ્યું કે મુંબઈ તેમને ખુશ કરે છે



મુંબઈ,

ખુશીને માપવી મુશ્કેલ લાગણી છે, પરંતુ જ્યારે શહેરી જીવનની વાત આવે છે, ત્યારે વાતાવરણ, ખોરાક અને નાઈટલાઈફ તમારા જીવનને સીધી અસર કરે છે. તાજેતરના એક મોટા સર્વેમાં બહાર આવ્યું છે કે એશિયામાં સૌથી ખુશ લોકો ક્યાં રહે છે. આ સર્વેમાં સંસ્કૃતિ, સલામતી અને જીવનની ગુણવત્તા જેવા વિવિધ પાસાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સૌથી મોટા સમાચાર એ છે કે એક ભારતીય શહેર ટોચના ૫ શહેરોની યાદીમાં બીજા બધાને પાછળ છોડીને નંબર વન સ્થાન મેળવ્યું છે. ચાલો જાણીએ કે એશિયામાં તે ૫ ખુશ સ્થળો કયા છે અને તે શા માટે સૌથી ખાસ છે.ટાઈમ આઉટ દ્વારા હાથ ધરવામાં આવેલા એક મોટા સર્વે અનુસાર, સપનાનું શહેર, મુંબઈ, માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર એશિયામાં સૌથી ખુશ શહેર છે. હકીકતમાં, ૯૪ ટકા મુંબઈ રહેવાસીઓએ કહ્યું કે તેમનું શહેર તેમને ખુશ કરે છે. ૮૯% લોકો માને છે કે તેઓ મુંબઈમાં બીજા કોઈ પણ જગ્યાએ કરતાં વધુ ખુશ અનુભવે છે. ૮૮% લોકો માને છે કે તેમના ભાગીદારો પણ મુંબઈમાં ખૂબ જ સકારાત્મક અને ખુશ રહે છે.

મુંબઈની સફળતા પાછળ ઘણા કારણો છે. તે અસંખ્ય મનોરંજન વિકલ્પો, જીવંત સામાજિક વાતાવરણ અને ઉત્તમ કારકિર્દીની તકો ધરાવે છે. વધુમાં, મુંબઈ એશિયાના શ્રેષ્ઠ સ્ટ્રીટ ફૂડ શહેરોમાંનું એક છે, જે તેની ખુશીને વધુ વધારે છે.

ચીનના બે મુખ્ય શહેરો, બેઈજિંગ અને શાંઘાઈ, સૌથી ખુશ શહેરોની યાદીમાં બીજા અને ત્રીજા ક્રમે છે. બંને આધુનિકતા, સલામતી અને સંસ્કૃતિનું સંપૂર્ણ મિશ્રણ પ્રદાન કરે છે. બેઈજિંગ (બીજા સ્થાને) ના ૯૩ ટકા રહેવાસીઓએ કહ્યું કે તેમનું શહેર તેમને ખુશ કરે છે, તેની સુવિધાઓ, સલામત વાતાવરણ અને સમૃદ્ધ સાંસ્કૃતિક જીવનનો ઉલ્લેખ કરે છે. આ દરમિયાન, શાંઘાઈના ૯૨ ટકા રહેવાસીઓએ પણ તેમના શહેરને ખુશ શહેર તરીકે વર્ણવ્યું.

આ જ કારણ છે કે આ બંને શહેરોને જનરેશન-ઢ પેઢી માટે એશિયાના શ્રેષ્ઠ શહેરોમાં ગણવામાં આવે છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે અહીંના યુવાનોનું ભવિષ્ય માત્ર સુરક્ષિત જ નહીં પણ તકોથી ભરેલું પણ છે.

એશિયાના સૌથી ખુશ શહેરોની યાદીમાં, બે સુંદર દક્ષિણપૂર્વ એશિયાઈ શહેરો, ચિયાંગ માઈ (થાઈલેન્ડ) અને હનોઈ (વિયેતનામ), અનુક્રમે ચોથા અને પાંચમા ક્રમે છે. બંને શહેરના ૮૮% સ્થાનિક લોકોએ ખુશ હોવાનું જણાવ્યું. ચિયાંગ માઈ તેના હરિયાળી અને શાંત વાતાવરણ માટે જાણીતું છે, જ્યારે હનોઈ "સકારાત્મક લોકો" અને "રોજિંદા અનુભવોમાં આનંદ" ની દ્રષ્ટિએ જીત્યું. બંને શહેરો ધમાલથી દૂર, ધીમી ગતિ અને સમુદાયની મજબૂત ભાવના સાથે જીવન શોધનારાઓ માટે ઉત્તમ વિકલ્પો છે.

રસપ્રદ વાત એ છે કે, સિઓલ, સિંગાપોર અને જાપાનની રાજધાની ટોક્યો જેવા મોટા અને વૈશ્વિક સ્તરે પ્રખ્યાત શહેરો આ "ખુશી" દોડમાં ઘણા પાછળ છે. ટોક્યો ટોચના ૧૦માં પણ સ્થાન મેળવી શક્યું નથી, ફક્ત ૭૦ ટકા લોકો માને છે કે તેમનું શહેર તેમને ખુશ કરે છે.

નિષ્ણાતો માને છે કે ઝડપી ગતિશીલ જીવનશૈલી, કાર્ય-જીવન સંતુલનનો અભાવ અને આ શહેરોમાં રહેવાની ઊંચી કિંમત આ પાછળના મુખ્ય કારણો હોઈ શકે છે. આ સ્થળોએ રહેતા લોકોને શાંત કુદરતી ઉદ્યાનો અને ભીડભાડ વચ્ચે આરામ કરતા સ્થળોએ સમય વિતાવવાની સલાહ આપવામાં આવે છે.

ટ્રમ્પની PM મોદી સાથે થાય છે વાત

# અંતિમ તબક્કામાં ભારત-અમેરિકાની ટ્રેડ ડીલ, વ્હાઇટ હાઉસનો દાવો




વોશિંગ્ટન,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી નિયમિત વાતચીત કરી રહ્યા છે, અને બંને દેશોની ટીમો વેપાર અને આર્થિક સહયોગ અંગે ગંભીરતાથી ચર્ચા કરી રહી છે. વ્હાઈટ હાઉસે મંગળવારે આ જાહેરાત કરી હતી. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે પત્રકારોને જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ ટ્રમ્પને વડા પ્રધાન મોદી પ્રત્યે ખૂબ માન છે, અને બંને વારંવાર વાત કરે છે.

તેમણે જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચે વેપાર કરાર ગંભીર અને રચનાત્મક તબક્કામાં છે. લેવિટે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ અને તેમની વેપાર ટીમ ભારત સાથે સતત સંપર્કમાં છે, અને બંને પક્ષો આ મુદ્દા પર ખંતપૂર્વક કામ કરી રહ્યા છે.

લેવિટે નોંધ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે તાજેતરમાં દિવાળી નિમિત્તે ઓવલ ઓફિસમાં વડા પ્રધાન મોદી સાથે વાત કરી હતી. આ કાર્યક્રમમાં ઘણા વરિષ્ઠ ભારતીય-અમેરિકન અધિકારીઓ પણ હાજર હતા. તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિ ભારત-અમેરિકન સંબંધો પ્રત્યે ખૂબ જ સકારાત્મક છે અને તેને અત્યંત મહત્વપૂર્ણ માને છે. તેમણે ભારતમાં યુએસ રાજદૂત સર્જિયો ગોર દ્વારા કરવામાં આવી રહેલા ઉત્તમ કાર્યની પણ પ્રશંસા કરી હતી.ગયા અઠવાડિયે દક્ષિણ કોરિયાની મુલાકાત દરમિયાન, ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ ભારત સાથે નવા વેપાર કરાર પર પહોંચવાની આશા રાખે છે. આ નિવેદનને બંને દેશો વચ્ચેના સંબંધોમાં ઠંડકના સંકેત તરીકે જોવામાં આવી રહ્યું છે. તાજેતરના મહિનાઓમાં સંબંધો બગડ્યા હતા જ્યારે અમેરિકાએ ભારત દ્વારા રશિયન તેલની ખરીદી પર નારાજગી વ્યક્ત કરીને ભારતીય આયાત પર ૫૦% સુધીનો ટેરિફ લગાવ્યો હતો. અમેરિકાએ સૌપ્રથમ ૩૦ જુલાઈના રોજ ૨૫% ટેરિફ લગાવ્યો હતો, ત્યારબાદ એક અઠવાડિયા પછી ૨૫% વધારાનો ટેરિફ લગાવ્યો હતો.

એ નોંધવું જોઈએ કે રશિયાના મુખ્ય તેલ નિકાસકારો, રોઝનેફ્ટ અને લુકોઈલ પર નવા યુએસ પ્રતિબંધો બાદ, ભારતીય રિફાઈનરીઓએ રશિયન તેલની ખરીદી ઘટાડી દીધી છે.

હજારો કર્મચારીઓને થશે અસર

# એક અન્ય ટેક કંપની IBMએ પણ કરી છટણીની જાહેરાત



નવી દિલ્હી,

દુનિયાની ટેક ઈન્ડસ્ટ્રી આ સમયે ભારે ઉથલ-પાથલના સમયથી પસાર થઈ રહી છે. છટણીની ખબરો હવે રોજબરોજનો ભાગ બની ચૂકી છે. એમેઝોન, માઈક્રોસોફ્ટ અને ગૂગલ બાદ હવે IBM (ઈન્ટરનેશનલ બિઝનેસ મશીન્સ કોર્પ)એ પણ છટણીની જાહેરાત કરી છે. બ્લૂમબર્ગના એક રિપોર્ટ પ્રમાણે, હજારો કર્મચારીઓ આ છટણીની ઝપેટમાં આવી શકે છે. કંપનીનું કહેવું છે કે, આ પગલું તેના બિઝનેસ મોડલને સોફ્ટવેર અને સર્વિસ સેક્ટર પર કેન્દ્રિત કરવા માટે ઉઠાવવામાં આવી રહ્યું છે. IBM આ ક્વાર્ટરમાં છટણી કરશે. કંપની તેના સંસાધનોને નવા બિઝનેસ ક્ષેત્રોમાં લગાવવાની યોજના બનાવી રહી છે, જેથી બદલાતા તકનીકી માહોલમાં પ્રતિસ્પર્ધા જાળવી શકે. કંપનીના પ્રવકતાએ કહ્યું કે, IBM તેના વર્કફોર્સની નિયમિત સમીક્ષા કરે છે અને જરૂરત પડવા પર રિબેલેન્સિંગ કરે છે. પ્રવકતાએ કહ્યું કે, અમે ચોથા ક્વાર્ટરમાં એક એવું પગલું ઉઠાવી રહ્યા છીએ, જે અમારા વૈશ્વિક કર્મચારીઓના એક નાના ભાગને પ્રભાવિત કરશે.રોયટર્સના એક રિપોર્ટ પ્રમાણે, IBMના ક્લાઉડ સોફ્ટવેર સેગમેન્ટમાં ગત મહિનાની ગ્રોથ ગતિ ધીમી રહી છે. આ તે જ સેગમેન્ટ છે, જે કંપનીની ભવિષ્યની વ્યૂહરચનાનું કેન્દ્ર છે. શેરબજારમાં પણ તેની અસર દેખાઈ અને IBMના શેર, જે આ વર્ષ ૩૫ ટકા ગબડી ચૂક્યા હતા, મંગળવારે લગભગ ૨ ટકા ઘટી ગયા.આ છટણીથી અમેરિકાના કેટલાક કર્મચારીઓને અસર થશે. જો કે, કંપનીએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે, દેશમાં કુલ રોજગાર સંખ્યા લગભગ જળવાઈ રહેશે. ૨૦૨૪ના અંત સુધી ૈંમ્સ્માં લગભગ ૨.૭ લાખ કર્મચારી કાર્યરત હતા. હવે આમાંથી હજારોની નોકરી પર જોખમ મંડરાઈ રહ્યું છે. ૈંમ્સ્નું આ પગલું તે વૈશ્વિક ટ્રેન્ડનો ભાગ છે, જેમાં મોટી-મોટી ટેક કંપનીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ઓટોમેશનની દિશામાં વધતા પોતાના કાર્યબળમાં કપાત કરી રહી છે.

બાંગ્લાદેશ ક્રિકેટમાં થપ્પડકાંડ!

# મહિલા વર્લ્ડ કપમાં કેપ્ટન નિગાર સામે જૂનિયર્સને મારવાનો આરોપ

ઢાકા,

બાંગ્લાદેશ મહિલા ટીમની અનુભવી ફાસ્ટ બોલર જહાનારા આલમે ટીમની કેપ્ટન નિગાર સુલ્તાના જોતી પર ગંભીર આક્ષેપ કર્યો છે. તેણે દાવો કર્યો છે કે, નિગાર જુનિયર ખેલાડીઓને માર મારે છે. જો કે, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે આ આરોપોને ફગાવી દીધા છે. આલમે ગતવર્ષે ડિસેમ્બરમાં આર્યલેન્ડ વિરૂદ્ધ પોતાની અંતિમ મેચ રમી હતી. તેણે બાંગ્લાદેશના સ્થાનિક મીડિયાને એક ઈન્ટરવ્યૂમાં આ પ્રકારનો આરોપ મૂક્યો હતો. તેણે કહ્યું કે, આ કોઈ નવી વાત નથી, કેપ્ટન સુલ્તાના જુનિયર્સને ઘણો માર મારે છે. વર્લ્ડ કપ દરમિયાન પણ તેણે જુનિયર્સને પ્રતાડિત કર્યા હતાં. દુબઈ પ્રવાસ દરમિયાન પણ તેણે એક જુનિયરને રૂમમાં બોલાવી લાફો ઝીકી દીધો હતો.

૩૨ વર્ષીય જહાનારા આલમે બાંગ્લાદેશ માટે ૫૨ વનડેમાં ૪૮ અને ૮૩ ટી૨૦ મેચમાં ૬૦ વિકેટ લીધી છે. તેણે કહ્યું કે, ટીમનો માહોલ છેલ્લા થોડા સમયથી ખરાબ થઈ ગયો છે. તેના લીધે મારૂ માનસિક સ્વાસ્થ્ય પણ ખોરવાયું છે. અને મેં ક્રિકેટથી દૂર રહેવાનો નિર્ણય લીધો હતો. હું એકલી જ નથી, બાંગ્લાદેશની મહિલા ટીમમાં દરેક વ્યક્તિ તેનાથી પીડિત છે. દરેકની સમસ્યા અલગ છે. અહીં એક-બે ખેલાડીઓને જ સારી સુવિધા મળે છે. અને અમુક કિસ્સામાં માત્ર એક જ ખેલાડીને તમામ સુવિધા, માન-સન્માન આપવામાં આવે છે.

આલમે જણાવ્યા પ્રમાણે, ૨૦૨૧માં કોવિડ બાદથી શરૂ થયેલા કેમ્પ દરમિયાન તેના જેવા સીનિયર ખેલાડીઓને દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. ત્યારે તેને બાંગ્લાદેશની ત્રણ ટીમમાંથી એકમાં કેપ્ટન બનાવવામાં આવી હતી.

શું બંને ધૂરંધર દેશના ટ્રેડ વોરનો અંત?

# ચીને અમેરિકા સામેનો ૨૪% ટેરિફ હટાવ્યાની કરી જાહેરાત



બેઈજીંગ,

ચીને અમેરિકન સામાન પર લગાવેલો ૨૪% ટેરિફ હટાવી દીધો છે અને તેને એક વર્ષ માટે સ્થગિત કરવાનો નિર્ણય કર્યો છે. તાજેતરમાં દક્ષિણ કોરિયામાં થયેલી ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની બેઠક બાદ જ્યાં US એ ચીન ટેરિફમાં ૧૦%નો ઘટાડો કર્યો હતો, ત્યાં હવે ડ્રેગને પણ મોટો નિર્ણય લેતા અમેરિકાને રાહત આપી છે.ડોનાલ્ડ ટ્રમ્પ અને શી જિનપિંગની મુલાકાતની મોટી અસર હવે જોવા મળી રહી છે અને US-China વેપાર યુદ્ધ લગભગ અટકી ગયું છે. ચીને બુધવારે એક મોટી જાહેરાત કરતા કહ્યું કે તે ચીનમાં આવતી તમામ અમેરિકન વસ્તુઓ પરનો પોતાનો ૨૪% ટેરિફ એક વર્ષ માટે ટાળી દેશે. જોકે, ૧૦% ટેરિફ લાગુ રહેવાનો છે. ચીન તરફથી લેવાયેલો આ નિર્ણય, વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ વચ્ચેના વેપાર તણાવમાં ઘટાડો થવાનો સંકેત આપે છે. ચીનના સ્ટેટ કાઉન્સિલ ટેરિફ કમિશન દ્વારા જાહેર કરાયેલા નિવેદનમાં, એક વર્ષ માટે ૨૪% ટેરિફ સ્થગિત કરવા અને તેને તાત્કાલિક અસરથી લાગુ કરવાનો નિર્ણય લેવાયો છે. તો બીજી તરફ, એ પણ જાહેરાત કરવામાં આવી છે કે વિશ્વનો સૌથી મોટો કૃષિ આયાતકાર ચીન આ મહિને ૧૦ નવેમ્બરથી અમેરિકન કૃષિ ઉત્પાદનો પર લાગુ પોતાના ૧૫% સુધીના ટેરિફને પણ હટાવી દેશે.

કૃષિ ઉત્પાદનો પર લાગેલા ટેરિફને સંપૂર્ણપણે હટાવવાના આ નિર્ણયથી અમેરિકન સોયાબીન, મકાઈ, ઘઉં જેવા ઉત્પાદનોના નિકાસકારોને મોટી રાહત મળશે. ખાસ કરીને સોયાબીનના ખેડૂતો માટે, જેમની માટે ચીન હંમેશાથી સૌથી મોટું બજાર રહ્યું છે. બંને દેશો વચ્ચે ટેરિફ તણાવને કારણે લાગેલા પ્રતિબંધોના કારણે તેમને લગભગ ૧૨ અબજ ડૉલરનું મોટું નુકસાન સહન કરવું પડ્યું હતું અને આ સોયાબીન ટ્રમ્પ માટે સૌથી મોટી ચિંતાનું કારણ બન્યું હતું.

### અનિલ અંબાણી પર EDની કાર્યવાહી

# ફ્લેટ-પ્લોટ, ઓફિસ સહિત રૂ.3000 કરોડની સંપત્તિ જપ્ત




મુંબઈ,

અનિલ અંબાણી પર ફરી એકવાર ઈડીએ સંકજો કસ્યો છે. તેમની મુશ્કેલીઓ દૂર થવાનું નામ લઈ રહી નથી. ઈડીએ મુંબઈના પાલી હિલ સ્થિત અનિલ અંબાણીના ઘરથી માંડી દિલ્હીમાં રિલાયન્સ સેન્ટર પ્રોપર્ટી અને દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, મુંબઈ, પૂણે, થાણે, હૈદરાબાદ, ચેન્નઈ, કાંચીપુરમ અને ઈસ્ટ ગોદાવરી સહિત ફેલાયેલી રૂ. ૩૦૮૪ કરોડની ૪૦ સંપત્તિઓ ટાંચમાં લીધી છે. ઉદ્યોગપતિ અને તેમની ગ્રૂપ કંપનીઓ વિરૂદ્ધ કથિત લોન ફ્રોડ સંબંધિત મની લોન્ડરિંગ તપાસ મામલે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.સત્તાવાર સૂત્રોએ જણાવ્યા પ્રમાણે, સંઘીય તપાસ એજન્સીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ સંપત્તિઓને ટાંચમાં લેવામાં ચાર પ્રોવિઝનલ આદેશ જાહેર કર્યા હતા. જેમાં ૬૬ વર્ષીય અંબાણીનું મુંબઈમાં પાલી હિલ સ્થિત ઘર અને તેમના ગ્રૂપની કંપનીઓની રેસિડેન્શિયલ અને કોમર્શિયલ સંપત્તિઓ સામેલ છે.દિલ્હીમાં મહારાજા રણજિતસિંહ માર્ગ પર રિલાયન્સ સેન્ટરનું એક ભૂખંડ અને નેશનલ રાજધાની, નોઈડા, ગાઝિયાબાદ, મુંબઈ, થાણે, હૈદરાબાદ, ચેન્નઈ, ઈસ્ટ ગોદારવરીમાં અનેક સંપત્તિ જપ્ત કરવામાં આવી છે. સૂત્રો અનુસાર, ટાંચમાં લીધેલી સંપત્તિનું કુલ મૂલ્ય રૂ. ૩૦૮૪ કરોડ છે. આ મામલો રિલાયન્સ હોમ ફાયનાન્સ લિમિટેડ અને રિલાયન્સ કોમર્શિયલ ફાયનાન્સ લિમિટેડ દ્વારા એકત્રિત કરવામાં આવેલી જાહેર સંપત્તિની કથિત હેરાફેરી અને મની લોન્ડરિંગ સંબંધિત છે. યસ બૅંક્રે ૨૦૧૭થી ૨૦૧૯ દરમિયાન RHFLમાં રૂ. ૨,૯૬૫ કરોડ અને RCFL માં રૂ. ૨,૦૪૫ કરોડની લોન ફાળવી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અનુસાર, ડિસેમ્બર ૨૦૧૯ સુધીમાં આ લોનને નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (એનપીએ) જાહેર કરવામાં આવી હતી, જેમાં RHFL પર રૂ. ૧,૩૫૩.૫૦ કરોડ અને RCFL પર રૂ. ૧,૯૮૪ કરોડ બાકી લેણાં હતા. અંબાણી સામેની કાર્યવાહી કથિત નાણાકીય અનિયમિતતાઓ અને રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત ગ્રૂપની અનેક કંપનીઓ દ્વારા રૂ. ૧૭,૦૦૦ કરોડથી વધુની સામૂહિક લોનને તેમના નિયુક્ત ભંડોળ સિવાયના ભંડોળમાં વાળવા સંબંધિત છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે(ED) આ કેસના સંદર્ભમાં ઑગસ્ટમાં ઉદ્યોગપતિની પૂછપરછ કરી હતી. આ પૂછપરછ ૨૪ જુલાઈના રોજ મુંબઈમાં ૫૦ કંપનીઓ અને તેમના પ્રોફેશનલ જૂથોના અધિકારીઓ સહિત ૨૫ વ્યક્તિઓના ૩૫ પરિસરમાં હાથ ધરાયેલા દરોડા બાદ થઈ હતી. ડિરેક્ટોરેટનો મની લોન્ડરિંગ કેસ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (CBI) FIR સાથે સંબંધિત છે.

### જેની કોઈએ કલ્પના પણ નહતી કરી!

# ફાઈનલમાં કેપ્ટન હરમનપ્રીતનો એક નિર્ણય બન્યો ગેમચેન્જર

## ૨૦મી ઓવર બાદ બોલિંગના મોરચે શેફાલીને ઓવર આપી અને બીજા જ બોલ પર સુને લુસને કોટ એન્ડ બોલ કરી નાખી




મુંબઈ,

ભારતીય ટીમ દક્ષિણ આફ્રીકાની ટીમને ૫૨ રને હરાવીને મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૫નો ખિતાબ જીતી. રવિવારે નવી મુંબઈના ડી વાય પાટીલ સ્ટોર્ટ્સ એકેડેમીમાં રમાયેલી ફાઈનલ મેચમાં ભારતે દક્ષિણ આફ્રીકાને ૨૯૯ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જે ખુબ મહત્વનો સાબિત થયો. દ.આફ્રીકાની ટીમ ૪૫.૩ ઓવરમાં ૨૪૬ રન પર જ સમેટાઈ ગઈ. ભારતીય મહિલા ટીમે પહેલીવાર વર્લ્ડ કપ જીત્યો છે. જ્યારે દ.આફ્રીકાની ટીમનું સપનું આ વખતે પણ રોળાઈ ગયું.

ખિતાબી મુકાબલામાં ભારતીય ટીમના કેપ્ટન હરમનપ્રીતનો એક નિર્ણય ખુબ જ ઐતિહાસિક સાબિત થયો. હરમને મેચના મહત્વના વળાંક પર પાર્ટટાઈમ સ્પિનર શેફાલી વર્માને બોલ પકડાવ્યો. વાત જાણે એમ હતી કે રનચેઝમાં દ.આફ્રીકાની જ્યારે બીજી વિકેટ ૬૨ રનના સ્કોર પર પડી તો ત્યારબાદ કેપ્ટન લોરા વોલમાર્ટ અને સુને લુસ વચ્ચે ત્રીજી વિકેટ માટે ૫૨ રનની પાર્ટનરશીપ થઈ. આ ભાગીદારીએ ભારતીય ટીમનું ટેન્શન વધારી દીધુ. આ ભાગીદારીને તોડવા માટે શેફાલીને ૨૦મી ઓવર બાદ બોલિંગના મોરચે લાવવામાં આવી. શેફાલીએ પોતાની ઓવરના બીજા જ બોલ પર સુને લુસને કોટ એન્ડ બોલ કરી નાખી. આગામી ઓવરના પહેલા જ બોલે તેણે એનેકે બોશને પણ પેવેલિયન ભેગી કરી. આ બે વિકેટોએ ફાઈનલમાં સાઉથ આફ્રીકાનું મોમેન્ટમ તોડી નાખ્યું.

ભારતીય ટીમના કેપ્ટન હરમનપ્રીતે મેચ બાદ જણાવ્યું કે શેફાલી વર્માને બોલિંગ આપવાનો નિર્ણય તેને આંતરિક અહેસાસના આધારે લીધો. હરમનપ્રીતે કહ્યું કે તેમનું દિલ કહેતું હતું કે આજનો દિવસ શેફાલીનો છે.

હરમનપ્રીતે કહ્યું કે મારું મન કહેતું હતું કે શેફાલીને એક ઓવર આપવી જોઈએ. જ્યારે મે શેફાલીને પૂછ્યું કે શું તે તૈયાર છે તો તેણે તરત હાં માં જવાબ આપ્યો. તે હંમેશા બોલથી ટીમ માટે યોગદાન આપવા માંગતી હતી અને તેની એક ઓવરે મેચનું પાસું પલટી નાખ્યું.

હરમનપ્રીતે એમ પણ જણાવ્યું કે જ્યારે શેફાલી વર્માએ ટીમ જોઈન કરી હતી ત્યારે તેને કહેવામાં આવ્યું હતું કે કદાચ તેણે ૨-૩ ઓવર ફેંકવી પડે. ત્યારે શેફાલીએ કહ્યું હતું કે જો તમે મને બોલ આપશો તો હું ટીમ માટે ૧૦ ઓવર પણ ફેંકીશ. હરમને કહ્યું કે શેફાલીની આ નીડરતા અને ટીમ માટે કઈક કરી દેખાડવાનો જુસ્સો જ હતો જેણે મને તેને આ તક આપવા માટે પ્રેરિત કરી અને આ દાંવ સંપૂર્ણ રીતે સફળ રહ્યો. ભારતની જીતમાં શેફાલીની ઓવર અને હરમનનો આ નિર્ણય બંને હંમેશા માટે યાદગાર રહેશે. કારણ કે તેણે વર્લ્ડ કપ ફાઈનલની કહાની પલટી નાખી.

શેફાલી વર્માએ ફાઈનલમાં ૭ ઓવર ફેંકી જેમાં ૩૬ રન આપીને ૨ વિકેટ ઝડપી. શેફાલીએ આ મેચમાં બેટિંગથી પણ જોરદાર પ્રદર્શન કર્યું અને ૭૮ બોલમાં ૮૭ રન કર્યા. જેમાં ૭ ચોગ્ગા અને ૨ છગ્ગા સામેલ છે. શેફાલી પ્લેયર ઓફ ધ મેચ બની. શેફાલી વર્લ્ડ કપ સ્ક્વોડનો ભાગ નહતી પરંતુ પ્રતિકા રાવલ ઈજાગ્રસ્ત થયા બાદ નોકઆઉટ મેચોમાં તે ભારતીય ટીમમાં સામેલ થઈ હતી.

### આ શ્રેણીની આ અંતિમ ફિલ્મ હશે ?

# 'દૃશ્યમ 3'માં પણ પહેલાંની જેમ મલયાલમ વર્ઝન જ રિલીઝ કરાશે

## જીતુ જોસેફે ઈટરવ્યુમાં મોહનલાલ સાથે ફિલ્મ દૃશ્યમ અને મિરાજ સહિતની ફિલ્મની વાત કરી



મુંબઈ,

જ્યારથી પહેલી વખત દૃશ્યમ ફિલ્મ આવી ત્યારથી આ ફિલ્મ વિશે દર્શકોમાં ઉત્સુકતા રહી છે. પહેલી ફિલ્મ આવી ત્યારે કોઈને અંદાજ નહોતો કે તેનો બીજો ભાગ આવશે. હવે ત્રીજી ફિલ્મ અંગે એવી ચર્ચા છે કે આ શ્રેણીની આ અંતિમ ફિલ્મ હશે. પરંતુ મૂળ મલયાલમ દૃષ્યમના ડિરેક્ટર જીતુ જોસેફે જણાવ્યું કે "ના, આ ખરેખર ફિલ્મનો અંત નહીં હોય. મેં જ્યારે પહેલી દૃશ્યમ બનાવી ત્યારે પણ સિક્વલનું મારું કોઈ જ આયોજન નહોતું. પછી જ્યારે મને બીજી ફિલ્મનો વિચાર આવ્યો ત્યારે મેં સિક્વલ બનાવવાનું શરૂ કર્યું. આગળ પણ આવું થઈ શકે છે. બીજી ફિલ્મ બની પછી મેં વિચાર્યું કે જો આનો ત્રીજો ભાગ હોય તો કેવો હોય. સમયાંતરે મને ત્રીજી ફિલ્મને જોડતો તાર મળી ગયો. પહેલી ફિલ્મમાં ઘટનામાં પરિવારે કેવા અનુભવ કર્યા એની વાત હતી. હવે તમે છ વર્ષ પછી જુઓ પરિવાર કઈ રીતે વિકસ્યો છે. હવે ત્રીજા ભાગમાં અમે ફરી ૩.૫ થી ૪ વર્ષ આગળની વાત કરી રહ્યા છીએ. આપણને ખબર છે કે જ્યોર્જકુટ્ટીએ કઈ રીતે પુરાવાઓનો નાશ કર્યો હતો. હવે આપણે જોઈશું કે તેના પછી પરિવાર સાથે શું બને છે."ત્રીજા ભાગની વાર્તા વિશે જોસેફ જણાવે છે, "હું એ જ વાર્તા લખું છું, જે આગળના ભાગ સાથે સહજ રીતે જોડી શકાય. મને ખબર નથી આ ભાગ સાથે તેની વાર્તા અટકશે કે નહીં..મને જો કોઈ નવો દૃષ્ટિકોણ મળે તો હું ચોથો ભાગ પણ લખી શકું છું. હું એવું નથી કહેતો કે હું કરીશ જ, પણ શક્યતા નકારી શકાય નહીં. મને જ્યારે ત્રીજા ભાગમાં રસપ્રદ બાબતો મળી ત્યારે જ મેં તેના પર કામ શરૂ કર્યું હતું."ત્રીજા ભાગ વિશે વિગતો ન આપવા બાબતે જિતુ જોસેફે કહ્યું, "ત્રીજો ભાગ કયા દૃષ્ટિકોણથી બન્યો છે, એ હું હાલ કહી શકીશ નહીં, તેના માટે તમારે ફિલ્મની રાહ જોવી પડશે. મેં જ્યારે ત્રીજા ભાગની જાહેરાત કરી ત્યારે ઘણા લોકોએ કહ્યું હતું કે તેમાં બીજા ભાગથી સારી સ્ક્રિપ્ટ હોવી જોઈએ. પરંતુ હું આગળની ફિલ્મથી મોટી બનાવવા માટે નવી ફિલ્મ નથી બનાવતો. હું બસ એ પરિવારના જીવનનાં નવાં પ્રકરણની વાર્તા કહેવા માગું છું."મલયાલમ, હિન્દી અને તેલુગુ ફિલ્મો એકસાથે રિલીઝ કરવા અંગે જીતુ જોસેફે કહ્યું કે "હિન્દી અને તેલુગુ ફિલ્મના મેકર્સે અમને એકસાથે રિલીઝ કરવા માટે પૂછ્યું છે. તકલીફ એ છે કે ભારત સહીત વિદેશમાં પણ સિરીઝ લોકપ્રિય છે. તેથી હિન્દી અને તેલુગુ ફિલ્મ મેકર્સને ચિંતા છે કે જો મલયાલમ ફિલ્મ પહેલાં રિલીઝ થઈ તો તેમની ફિલ્મની બોક્સ ઓફિસ પર અસર થશે કારણ કે લોકોને પહેલાંથી જ વાર્તા ખબર હશે. તેમની અમારા પ્રોડ્યુસર સાથે ચર્ચા ચાલે છે પણ હજું કંઈ નિર્ણય લેવાયો નથી. બધા વર્ઝન સાથે રિલીઝ કરીએ તો અમને પણ નુકસાન થાય. હાલ તો અમે અમારું શૂટ કરી રહ્યા છીએ, એ પૂરું થાય ત્યાં સુધીમાં જે નિર્ણય લેવાય તેના પર આગળ વધીશું. બાકી તો મલયાલમ જ પહેલાં રિલીઝ થશે."

### વીડિયો થઈ રહ્યો છે વાયરલ

# ભારત વર્લ્ડ ચેમ્પિયન બનતા જોઈ ઈમોશનલ થયો રોહિત શર્મા

## આ જીત સાબિત કરે છે કે ભારતની દીકરીઓ હવે ફક્ત મેદાન પર જ સ્પર્ધા કરી રહી નથી, પરંતુ ઈતિહાસ રચી રહી છે




મુંબઈ,

૨ નવેમ્બર, ૨૦૨૫ની રાત ભારતીય ક્રિકેટ માટે યાદગાર બની ગઈ હતી. મહિલા ટીમે પોતાનું પ્રથમ ICC મહિલા વર્લ્ડ કપ ટાઈટલ જીત્યું હતું. ફાઈનલ મેચમાં ભારતીય ટીમે દક્ષિણ આફ્રિકાને ૫૨ રનથી હરાવ્યું, જેનાથી ૪૭ વર્ષની રાહનો અંત આવ્યો હતો. સ્ટેડિયમમાં દક્ષિણ આફ્રિકાની છેલ્લી વિકેટ પડતાં જ સમગ્ર રાષ્ટ્ર "ભારત માતા કી જય" ના નારાથી ગૂંજી ઉઠ્યું હતું. આ ઐતિહાસિક જીત સાથે ભારતીય મહિલા ક્રિકેટ વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધિના શિખર પર પહોંચી ગયું છે. ૧૯૮૩માં કપિલ દેવની પ્રથમ વર્લ્ડ કપ ટ્રોફી ચૂકી ગયેલા લોકોએ પણ હરમન દ્વારા તેમની ઈચ્છા પૂર્ણ કરી છે.આ જીત સાબિત કરે છે કે ભારતની દીકરીઓ હવે ફક્ત મેદાન પર જ સ્પર્ધા કરી રહી નથી, પરંતુ ઈતિહાસ રચી રહી છે. દરમિયાન જ્યારે ભારતે તેમની જીતની ઉજવણી કરી ત્યારે કેમેરામેને ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન રોહિત શર્માને કેદ કર્યો હતો. રોહિત શર્મા મહિલા ટીમને વર્લ્ડ કપ જીતતા જોઈને ભાવુક થઈ ગયો હતો. આ વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વાસ્તવમાં રોહિત શર્માની કેપ્ટનશીપ હેઠળ ભારતીય પુરુષ ટીમે ૨૦૨૪_૨૦ વર્લ્ડ કપ અને ૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી, તે ICC મહિલા વર્લ્ડ કપ ફાઈનલમાં મહેમાન હતો. જ્યારે દીપ્તિ શર્માએ સાઉથ આફ્રિકાની અંતિમ વિકેટ લીધી, ત્યારે હિટમેન સ્પષ્ટપણે ભાવુક થઈ ગયો. રોહિત ઉભો થયો અને તાળીઓ પાડવા લાગ્યો હતો, તેની આંખો ભીની હતી અને તેનો ગર્વ તેના ચહેરા પર સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો. ભારતને વિશ્વ ક્રિકેટના શિખર પર પાછું દોરી જનાર કેપ્ટન હવે બીજી ભારતીય ટીમને એ જ સ્વપ્ન પૂર્ણ કરતી જોઈ રહ્યો હતો. સોશિયલ મીડિયા પર ચાહકો રોહિતનો ઈમોશનલ વીડિયો પર કોમેન્ટ કરી રહ્યા છે.

### ફિલ્મ ૧૪ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ રિલીઝ કરવાની પણ ઘોષણા કરી

# કાર્તિક આર્યને આગામી ફિલ્મ 'નાગજિલા'નું શૂટિંગ શરૂ કર્યું




મુંબઈ,

કાર્તિક આર્યને પોતાની આગામી ફિલ્મ નાગજિલ્લાના શૂટિંગ શરૂ કર્યાનું શેર કર્યું છે. અભિનેતાએ શનિવારે ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક તસવીર શેર કરી હતી જેમાં તે નાગજિલ્લાના ક્લેપબોર્ડ સાથે જોવા મળ્યો હતો. તસવીરમાં ફિલ્મનું નામ નાગજિલ્લા અને દિગ્દર્શક મૃગદીપ સિંહ લાંબા લખેલું પણ જોવા મળતું હતું. આ સાથે અભિનેતાએ આ ફિલ્મની રિલીઝ ૧૪ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ જણાવીને પ્રશંસકોને ખુશ કરી દીધા છે. આ જ દિવસે નાગપંચમી આવતી હોવાથી જ નિર્માતાએ ફિલ્મ રિલીઝ કરવાનો નિર્ણય લીધો હોવાનું કહેવાઈ કહ્યું છે. કાર્તિક આર્યને સોશયલ મીડિયા પર શેર કરતાં લખ્યું હતું કે, તે પોતાની ભૂલ ભૂલૈયા ૩ના એક વરસ પુરા થયાના દિવસે જ નાગજિલ્લાનું શૂટિંગ શરૂ કર્યું છે. હર હર મહાદેવ સાથે તેણે પોતાની આ વાત પુરી કરી છે. ફિલ્મ નાગજિલ્લામાં અભિનેતા ઈચ્છાધારી નાગ પ્રિયંવદેશ્વર પ્યારે ચંદની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મનું પ્રથમ લુક એપ્રિલ મહિનામાં શેર કર્યા પછી કરણ જોહરે મોશન પોસ્ટર રિલીઝ કરીને ઈન્સાનોને લગતી ઘણી ફિલ્મો જોઈ હવે નાગની ફિલ્મો જોવા મળશે.

### આજે બધાને બસ સ્ટ્રગલ સ્ટોરી જોઈએ છે : ફરાહ ખાન

# બહારથી આવતા એક્ટર્સનો નેપો બેબીઝ પર ગુસ્સો હું સમજી શકું છું

મુંબઈ,

ફિલ્મ મેકર અને કોરિયોગ્રાફર ફરાહે ખાને કેટલીક સુપરહિટ ફિલ્મ અને લોકપ્રિય ગીતોથી ઈન્ડસ્ટ્રીમાં પોતાનું અલગ સ્થાન બનાવ્યું છે, હવે તેણે પોતાનો યુટ્યુબ પર શો પણ શરૂ કર્યો છે. તે ભલે એક ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પરિવારમાંથી આવે છે, પરંતુ તેનું બાળપણ ઘણું સંઘર્ષમાં વિત્યું છે. તેના પિતાનું નાની ઉંમરે જ નિધન થઈ ગયું હતું. તાજેતરમાં ફરાહ ખાને સાનિયા મિર્ઝાના પોડકાસ્ટ શોમાં પોતાના બાળપણની યાદો તાજી કરવાની સાથે નેપોટીઝમ અંગે પણ વાત કરી હતી. તેણે ખુલાસો કર્યો હતો કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બહારથી આવતા કલાકારોનો ગુસ્સો અને તકલીફ તે સમજે છે અને તેઓ ઈન્ડસ્ટ્રીના બાળકો માટે કેટલો ગુસ્સો ધરાવે છે, તે અંગે વાત કરી હતી. તેણે એમ પણ કહ્યું કે તે સફળ થવા છતાં આજે પણ આર્થિક રીતે અસુરક્ષા અનુભવે છે.ફરાહને પૂછાયું કે શું તેનાં આર્થિક સંઘર્ષે તેને આજે જેવી છે તેવી બનાવી છે, તે પ્રશ્નના જવાબમાં ફરાહે કહ્યું, "આજ સુધી, હું પૈસા બાબતે અસુરક્ષા અનુભવું છું. મારા માટે, જો હું આર્થિક રીતે સુરક્ષિત હોય તો જ આરામથી રહી શકું છું, મને માત્ર એ એક જ અસુરક્ષા છે. તેથી જ મારો કામ માટેનો જુસ્સો હંમેશા જળવાઈ રહે છે. હું કદાચ સક્રિયપણે ફિલ્મ ડિરેક્ટ ન કરતી હોય, છતાં આજે પણ હું મારી કૅરિઅરના શરૂઆતના દિવ, કરતાં પણ આજે વધુ મહેનત કરું છું. અમે અમારા પિતાના ખુબ સમૃદ્ધથી ગરીબ બનતા જોયા છે અને થોડાં વર્ષો સુધી અમે અતિ ગરીબીમાં જીવ્યાં છીએ."આજે લોકો સફળતાને જે રીતે જુએ છે, તે અંગે ફરાહે જણાવ્યું, "આજે બધઆને સ્ટ્રગલ સ્ટોરી જોઈએ છે. જેણે જીવનમાં ક્યારેય સંઘર્ષ જોયો નથી તે પણ કોઈ વિચિત્ર વાતમાંથી કંઈક ઉપજાવી કાઢવાની કોશિષ કરે છે. પરંતુ હું ખુશ છું કે મારા બાળકો પાસે આવી કોઈ વાર્તા નહીં હોય."સ્ટારકિડ્ઝ માટે બહારથી આવતા કલાકારોની અકળામણ અંગે ફરાહે કહ્યું, "જ્યારે લોકો બહારથી મુંબઈ આવે છે અને પછી નેપો બૅબીઝ માટે તેમને જે ગુસ્સો હોય છે, તે હું બરાબર સમજી શકું છું. હું સમજી શકું છું એ ગુસ્સો ક્યાંથી આવે છે, કારણ કે એમને દર મહિને ઘરનાં ભાડાં ભરવા પણ સંઘર્ષ કરવો પડે છે. તેમના માટે, સ્ટાર કિડ્ઝના સંઘર્ષનો કોઈ મતલબ જ નથી."

### શાહ બાનોના પરિવારે કોર્ટમા કરી અરજી

# યામી ગૌતમની ફિલ્મ હકની રિલિઝ સામે અવરોધ

મુંબઈ,

અભિનેત્રી યામી ગૌતમ અને ઈમરાન હાશમીની ફિલ્મ હક સામે અવરોધ આવીને ઊભો છે. ફિલ્મ જેમના કેસ પર આધારિત છે તે શાહબાનોના પરિવારજનોએ કોર્ટમાં ધા નાખી છે. ફિલ્મમેકર્સે શરિયતના કાયદાનો ખોટી રીતે રજૂ કર્યો છે અને શાહ બાનોના કેસ પર ફિલ્મ બનાવ્યા પહેલા પરિવારની પરવાનગી લીધી નથી, તેવા આક્ષેપ સાથે તેઓ ઈન્દોર હાઈકોર્ટમાં ગયા છે.સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ફિલ્મમેકર્સને લીગલ નોટિસ પણ મળી છે. તેમણે શાહબાનોની પર્સનલ લાઈફ પર ફિલ્મ બનાવતા પહેલા તેમના વારસદારોની પરવાનગી ન લીધી હોવાનો આક્ષેપ થયો છે.ઈમરાન હાશમી અને યામી ગૌતમની આ ફિલ્મ મુસ્લિમ મહિલાના છૂટાછેડા પછીના મેઈનટેનન્સના હક વિશેની વાત લઈને આવી છે. ફિલ્મનું ટ્રેલર ઘણું લોકપ્રિય થયું છે અને ફિલ્મ આવતા શુક્રવારે એટલે કે ૭મી નવેમ્બરે થિયેટરમાં આવી રહી છે.લેન્ડમાર્ક કેસ તરીકે ઓળખાતા શાહબાનો કેસની પ્રાપ્ત વિગતો અનુસાર એડવોકેટ પતિ સાથે પરણેલી શાહ બાનોનાં પતિએ બીજા લગ્ન કર્યા અને પહેલી પત્નીને ત્રિપલ તલ્લાક આપી તેનાં સંતાનોની જવાબદારીથી હાથ ખંખેરી લીધા. ૧૯૭૮નાં આ કેસમા શહબાનો કોર્ટ ગયાં હતા અને સુપ્રીમ કોર્ટે મુસ્લિમ પર્સનલ લોથી ઉપર સેક્યુલર લો છે અને તે ન્યાયે મુસ્લિમ મહિલાઓને પણ છૂટાછેડા બાદ મેઈનટેનન્સ મળવું જોઈએ તેવો આદેશ આપ્યો હતો.જોકે તત્કાલીન સરકારે મુસ્લિમોના વિરોધની સામે નમતું જોખી અધ્યાદેશ બહાર પાડી આ કાયદાનો અમલ થવા દીધો ન હતો. સામાજિક દબાણ એટલું હતું કે શાહબાનોએ પોતાનો કેસ પાછો ખેંચવો પડ્યો હતો અને આજીવન મેઈનટેનન્સ પણ લીધું ન હતું. જોકે થોડા સમય બાદ તેમનાં વકીલ ડેનિયલ લતીફીએ ફરી સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો અને મુસ્લિમ મહિલાઓને પણ તલ્લાક બાદ પતિ તરફથી ભરણપોષણ માટેની એક યોગ્ય રકમનો હક છે, તેવો કાયદો પસાર થયો.

# અનીત પડ્ડાનો 'થામા'માં પોતાનું નામ અને ટીઝર જોઈને ખુશ થતો વીડિયો વાયરલ

મુંબઈ,

અનીત પડ્ડા મોહિત સુરીની ફિલ્મ 'સૈયારા'થી રોતારાત સ્ટાર બની ગઈ છે. તાજેતરમાં જ તે મેડોકની 'શક્તિ શાલિની'માં લીડ રોલ કરતી હોવાની જાહેરાત થઈ છે. મેડોકના હોરર કોમેડી યુનિવર્સનું આગામી મોટું પ્રકરણ શક્તિ શાલિની છે. ત્યારે અનીત પડ્ડાના આ પાત્રની ઝલક 'થામા'માં છેલ્લે પોસ્ટ ક્રેડિટમાં આપવામાં આવી છે. ૨૧ ઓક્ટોબરે દિવાળી નિમિત્તે 'થામા' રિલીઝ કરવામાં આવી છે. ત્યારે હવે અનીત પડ્ડાનો એક વીડિયો વાયરલ થયો છે, તે થિએટરમાં બેસીને 'થામા'માં તેનું 'શક્તિ શાલિની'નું ટીઝર જોઈ રહી છે. આ વીડિયોમાં તે એટલી ઉત્સાહીત અને ખુશ છે કે તેની ખુશી સમાતી નથી. અનીત પડ્ડાનો થામાના પોસ્ટ ક્રેડિટમાં શક્તિ શાલીનીના ટીઝરનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, તે આ જોતાં ખડખડાટ હસે છે. આ વીડિયો જોઈને તેના ફૅન્સ પણ ખુબ ખુશ થઈ ગયા છે અને તેના વીડિયો પર અનેક કમેન્ટ્સ આવી છે. 'શકિત શાલિની' ૨૪ ડિસેમ્બર, ૨૦૨૬ના દિવસે થિએટરમાં રિલીઝ થવાની છે. 'થામા'માં જોવા મળતી ઝલક પરથી અંદાજ આવે છે કે 'શક્તિ શાલિની'નું પાત્ર "સર્જક, વિનાશક અને બધાની માતા". થામાનો આ પોસ્ટ ક્રેડિટ સીન વાયરલ થયો ત્યારથી જ અનીત પડ્ડા આ રોલ કરવાની હોવાની ચર્ચા ચાલી હતી. આ ઝલકમાં એક મહિલા ગાઢ જંગલમાં હવામાં ઉડી રહી છે પાછળથી કેમેરા તેને ફોલો કરી રહ્યો છે. તેનો લાંબો ચોટલો પણ હવામાં ઉડી રહ્યો છે. તેનાથી અનીતની મેડોકના હોરર કોમેડી યુનિવર્સમાં ગ્રન્ડ એન્ટ્રીની ઝલક મળે છે. અગાઉ આ રોલ કિઆરા અડવાણી કરવાની હોવાની પણ ચર્ચા હતી, પરંતુ અંતે અનીતને આ રોલ માટે ફાઈનલ કરવામાં આવી છે.થોડા દિવસો પહેલાં આયુષ્યમાન ખુરાનાએ પણ અનીતનું મેડોકના હેરોર કોમેડી યુનિવર્સમાં સ્વાગત કર્યું હતું. તેણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં લખ્યું, "એમએચસીયુમાં સ્વાગત છે અનીત પડ્ડા. પંજાબી આ ગયે ઓયે..એક સપના જોનાર તરફથી બીજાને શુભેચ્છાઓ – તું જે ઈચ્છે તેનો પીછો કર્યા કર. કંઈ જ અશક્ય નથી. પંજાબથી કોઈ અમને બધાને ગૌરવ અપાવે છે એનું અમને ગૌરવ છે...તમે શકિત શાલિનીમાં ચમકતા જોવા ઉત્સુક છીએ. ઉપર અને આગળ વધતી રહે અનીત.."

### કાકા સસરા અને જમાઈના સંબંધો લજવતો કિસ્સો!

# યુવતી સાથેનો ન્યૂડ વિડીયો બતાવી ૧૦ કરોડની માંગ




સુરત,

સુરત શહેરના પુણાગામ વિસ્તારમાં રહેતી યુવતી થોડા દિવસ અગાઉ જયાં નોકરી કરતી હતી, ત્યાં દિવાળી બોનસ લેવા માટે ગઈ હતી. આ સમયે ઓફિસમાં ઘુસી આવેલા કાકાના જમાઈ અને મિત્રોએ કાકાને બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી તેમને ચપ્પુ બતાવી બિલ્ડર કાકાની ઓફિસમાં મુકેલા રોકડા રૂપિયા -પાંચ લાખ બળજબરીથી લઈ લીધા હતા.

એટલું જ નહીં પરંતુ વધુ રૂપિયા ૧૦ કરોડની માંગણી કરી 'જો તમે પૈસા નહીં આપો તો આ ન્યુડ ફોટા અને વિડીયો વાયરલ કરવાની ધમકી' આપી હતી. જેથી આખરે ભોગ બનનાર યુવતીએ મામલે અડાજણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય ઈસમો સામે ગુનો દાખલ કરી તેમની ધરપકડ કરી હતી.

પુણાગામ વિસ્તારમાં સીતાનગર ચોકડી પાસે રહેતી યુવતી અડાજણ વિસ્તારમાં ભૂલકા ભવન પાસે આવેલ એસ્કોન પ્લાઝામાં બિલ્ડર વરજાંગ કાકાની ઓફિસમાં નોકરી કરતી હતી. દિવાળી સમય હોવાથી બોનસ લેવા માટે યુવતી વરજાંગ કાકાની ઓફિસે ગઈ હતી. ગત તારીખ ૨૧-૧૦-૨૦૨૫ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યાના અરસામાં યુવતી વરજાંગ કાકાની ઓફિસમાં બોનસ લેવા માટે ગઈ ત્યારે તેમના જમાઈ જય ડાંગર, તેના મિત્ર પ્રશાંત પટેલ તથા અજાણ્યો ઈસમ અચાનક જ તેમની ઓફિસમાં ઘૂસી ગયા હતા અને કાકાને ગાળો આપી ધિક્કા મુક્કીનો ઢોર માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એટલું જ નહીં પરંતુ વરજાંગ કાકાને બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી પોલીસ ફરિયાદ નોંધાવનાર યુવતી સાથેના ન્યૂડ ફોટો અને વિડીયો વાયરલ કરવાની ધમકી આપી ચપ્પુ બતાવ્યું હતું અને વરજાંગ કાકા પાસે બળજબરીથી કોરા તથા લખાણ કરેલા કાગળોમાં સહીઓ કરાવી અંગૂઠાના નિશાન કરાવી લીધા હતા. સાથે સાથે યુવતીની પણ છેડતી કરી હતી. આ ઉપરાંત બિલ્ડરને ધાક ધમકી આપી ઓફિસના ડ્રોવરમાં મુકેલા રોકડા રૂપિયા પાંચ લાખ બળજબરીથી પચાવી પાડ્યા હતા અને કાકા સસરાને સમાજમાં બદનામ કરવાની ધમકી આપી વધુ રૂપિયા ૧૦ કરોડની ખંડણીની માંગ કરી હતી. જોકે બાદમાં ત્રણેય પાંચ લાખ લઈ ધમકી આપી ઓફિસમાંથી નીકળી ગયા હતા. આખરે ભોગ બનનાર યુવતીએ આ મામલે અડાજણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વરજાંગ કાકાના જમાઈ જય ડાંગર, પ્રશાંત પટેલ અને અજાણ્યા ઈસમ સામે ગુનો દાખલ કરાવ્યો હતો. પોલીસે બનાવમાં ગુનો દાખલ કરી ત્રણેય આરોપીઓની ધરપકડ કરી હતી.

### મતદાર વેરિફિકેશનની પ્રક્રિયામાં

# શિક્ષકો BLO તરીકે ગેરહાજર રહેશે તો ધરપકડ વોરન્ટ ઈશ્યૂ થશે




અમદાવાદ,

ઈલેક્શન કમિશનની જાહેરાત બાદ અમદાવાદ સહિત રાજ્યભરમાં સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રીવિઝનની એટલે કે મતદાર યાદીના ખાસ વેરિફિકેશન ની કામગરી શરૂ કરવામાં આવી છે ત્યારે રાજ્યભરના પ્રાથમિક સ્કૂલોના શિક્ષકોને બીએલઓ (બુથ લેવલ ઓફિસર)ની કામગીરીના ઓર્ડર થઈ ગયા છે. પરંતુ જેમાં મીટિંગમાં બીએલઓ તરીકે હાજર ન રહેનાર સામે ધરપકડ વોરંટ ઈશ્યૂ કરવાના નિયમને લઈને શૈક્ષણિક સંઘે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે.શિક્ષકોને બુથ લેવલ ઓફિસર તરીકેની સોંપાયેલી કામગીરીમાં ગેરહાજર રહે તો ધરપકડ વોરન્ટ ઈશ્યૂ કરવાના નિયમને લઈને શૈક્ષિક મહાસંઘે ઉગ્ર વિરોધ નોંધાવતા આ મુદ્દે મુખ્યમંત્રીને લેખિત ફરિયાદ પણ કરી છે. શૈક્ષિક સંઘે આ નિયમ દૂર કરવા અથવા આ પ્રથા બંધ કરવાની માંગ કરીને બીએલઓની કામગીરી માત્ર શિક્ષકોને જ ન આપી અન્ય સંવર્ગના કર્મચારીઓને પણ આપવા રજૂઆત કરી છે. શૈક્ષિક સંઘે રજૂઆત કરી છે કે જો કોઈ શિક્ષક-કર્મચારી કોઈ ખાસ કે અન્ય કારણોસર કામગીરી-મીટિંગમાં હાજર ન રહે તો તેની સામે ધરપકડનું વોરંટ ઈશ્યૂ કરવાનો નિયમ ગુલામપ્રથા જેવી પ્રથા છે. શિક્ષક સિવાયના અન્ય કોઈ કર્મચારી દ્વારા ભૂલ થાય તો ધરપકડ વોરંટ ઈશ્યૂ કરાયો હોય તેવુ ધ્યાનમાં નથી ત્યારે શિક્ષકો સામે જ આવો અન્યાય કેમ? શિક્ષકોનું સમાજમાં સન્માન જળવાઈ રહે તે માટે આ પ્રથા દૂર થવી જોઈએ. કેન્દ્રિય ચૂંટણી આયોગ દ્વારા બીએલઓના ઓર્ડર વિવિધ સરકારી તેમજ અર્ધસરકારી કર્મચારીઓને જુદા જુદા સંવર્ગને ધ્યાને રાખી આપવા માટે સૂચના અપાઈ છે. આમ છતાં પણ કુલ બીએલઓની જગ્યાના ૯૦ ટકાથી વધુ જગ્યામાં શિક્ષકોને કામગીરી સોંપાઈ છે.

### પિતા ચોધાર આંસુએ રડી પડ્યા

# મોટી ઉંમરના પરણિત પુરુષ સાથે રહેવા ૨૩ વર્ષીય યુવતીની જીદ




મહેસાણા,

મહેસાણાની એક ૨૩ વર્ષીય યુવતીના કેસમાં ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય આપ્યો છે. યુવતી તેના પિતાની ઉંમરના અને એક સંતાનના પિતા સાથે ભાગી જતાં, તેના માતા-પિતાએ દીકરીને ગેરકાયદે ગોંધી રાખવામાં આવી હોવાની રજૂઆત સાથે હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસ અરજી દાખલ કરી હતી. જોકે, કોર્ટ સમક્ષ યુવતીએ જે રજૂઆત કરી, તેણે બધાને ચોંકાવી દીધા હતા અને અંતે કોર્ટે યુવતીને તેની મરજી મુજબ જવા આદેશ કર્યો હતો.

યુવતી ગુમ થતા તેના પિતાએ મહેસાણા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, પરંતુ પોલીસ સમયસર દીકરીને શોધી શકી ન હતી. આથી, માતા-પિતાએ હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસ અરજી કરી હતી, જેમાં રજૂઆત કરી હતી કે તેમની પુત્રીને એક પરિણીત અને મોટી ઉંમરની વ્યક્તિએ ગેરકાયદે ગોંધી રાખી છે. પિતાએ એ પણ દલીલ કરી હતી કે જે વ્યક્તિ સાથે દીકરી રહે છે તે પાંચ વર્ષના સંતાનનો પિતા છે અને પત્ની તથા બાળક સાથે જ રહે છે. યુવતીને ભગાડવામાં અન્ય ૧૫ લોકોએ પણ મદદ કરી હોવાનો આક્ષેપ અરજીમાં કરવામાં આવ્યો હતો. કોર્ટના આદેશ બાદ પોલીસે યુવતીને શોધીને કોર્ટ સમક્ષ રજૂ કરી હતી.કોર્ટ સમક્ષ હાજર થયેલી ૨૩ વર્ષની યુવતીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે તેને ગેરકાયદે ગોંધી રાખવામાં આવી નથી. તેણે દલીલ કરી કે તે પરિપક્વ છે અને પોતાનો નિર્ણય લેવા સક્ષમ છે. તે પોતાની મરજીથી પરિણીત પુરુષ સાથે રહે છે. તેનાં માતા-પિતા તેની યોગ્ય દરકાર રાખતા નથી, જ્યારે જે પુરુષ સાથે તે રહે છે તે તેની જરૂરિયાતોનું ધ્યાન રાખે છે. યુવતી જૂન મહિનામાં ઘરેથી રૂપિયા અને પોતાના ઓળખ પુરાવાલઈને નીકળી ગઈ હતી.

કોર્ટે યુવતીને આ સંબંધના પરિણામો વિશે સમજાવવા પ્રયત્ન કર્યો હતો. કોર્ટે યુવતીને જણાવ્યું કે તે પુરુષ પહેલેથી જ પરિણીત છે, પત્ની-પુત્ર સાથે રહે છે અને ગમે ત્યારે આ સંબંધ તોડી શકે છે. જોકે, યુવતીએ પોતે બધું સમજીને નિર્ણય લીધો હોવાની દલીલ પર અડગ રહી. માતા-પિતા અને કોર્ટના સમજાવવા છતાં, યુવતીએ પરિણીત પુરુષ સાથે રહેવાની જીદ ન છોડતા, આખરે કોર્ટે તેને તેની મરજી મુજબ જવા આદેશ કર્યો, જ્યારે કોર્ટે હેબિયસ કોર્પસની અરજીનો હુકમ કર્યો અને યુવતીને તેની મરજી મુજબ જવાની મંજૂરી આપી, ત્યારે યુવતી કોર્ટરૂમમાં હાજર તેના મોટી ઉંમરના પ્રેમી સાથે બહાર નીકળી હતી. આ દ્રશ્ય જોઈને તેના પિતા ચોધાર આંસુએ રડી પડ્યા હતા. તેમના વકીલે તેમને શાંત રાખવા પ્રયત્ન કર્યો હતો. પરંતુ, દીકરીએ કોર્ટરૂમમાં રડી રહેલા તેના પિતા તરફ એક નજર પણ પાછી વાળ્યા વગર કોર્ટની બહાર નીકળી ગઈ હતી. પુખ્ત વયની વ્યક્તિના પોતાના નિર્ણયના અધિકાર અને પારિવારિક સંબંધોની જટિલતા દર્શાવતો આ કિસ્સો ચર્ચાનો વિષય બન્યો છે.

### કૃષિ મંત્રીએ આપી માહિતી

# ખેડૂત દીઠ ૧૨૫ મણ પાકની ટેકાના ભાવે કરાશે ખરીદી



ગાંધીનગર,

રાજ્યમાં કમોસમી વરસાદ અને મગફળીના પાકને ધ્યાને લઈ સરકાર ૯મી નવેમ્બરથી ટેકાના ભાવે ખરીદી કરશે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી અને કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે મુખ્યમંત્રીએ મગફળી, અડદ, મગ અને સોયાબીનની ખરીદી માટે સાર્વજનિક રીતે ટેકાના ભાવની ખરીદીની જાહેરાત કરી હતી. SMSથી જાણકારી આપવામાં આવશે અને તે પ્રમાણે ખેડૂતો તેમનો જથ્થો પહોંચાડશે.

કેન્દ્ર સરકારે ટેકાના ભાવના વધારામાં જાહેરાત કરી છે ત્યારે નિયમ પ્રમાણે ખરીદ કેન્દ્રો દ્વારા ખરીદી થશે અને જરૂર પ્રમાણે સબ સેન્ટર પણ ખોલવામાં આવશે. ૧૨૫ મણ ખેડૂતની ખરીદી કરવાની સૂચના રાજ્યની સરકારે આપી છે. કેન્દ્રનાં નિયમો મુજબ નિર્ણય લેવામાં આવ્યો છે અને સમગ્ર દેશમાં આ પ્રમાણે ખરીદી થઈ હતી. ભારત સરકારે મગફળીના ભાવ, મગના ભાવની ખરીદીમાં વધારો કર્યો છે. ભારત સરકાર નિયમ પ્રમાણે ૨૫ % ની ખરીદીની જોગવાઈ છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા એનાથી વધુ ખરીદી થાય એ પ્રમાણે સપ્રમાણમાં ખરીદી કરી શકાય એ પ્રમાણે સરકાર ખરીદી કરશે. જ્યારે રાહત પેકેજ માટે સરકાર દ્વારા કોઈ જાહેરાત કરવામાં આવી નથી.

૭૨૬૩ રૂ. પ્રતિ ક્વિન્ટન કિંમતે મગફળી ખરીદી કરવામાં આવશે. ગત વર્ષે ૩.૫ લાખ ખેડૂતોની નોંધણી થઈ હતી, અને સરકાર ખેડૂતોની બજાર બહાર મદદ કરી હતી. આ વખતે ૯.૫ લાખ મગફળીનું વાવેતર છે અને ગત વર્ષની સરખામણીએ ઓછું હતું. તેમણે જણાવ્યું કે આગમી સમયમાં જરૂરી પરિપત્રો કરવામાં આવશે. કમોસમી વરસાદના નુકસાનને જોતા નિયમો મુજબ જ ખરીદી થશે.

# ભવનાથના લાપત્તા મહંત અને સેવકની કથિત વાંધાજનક ઓડિયો, ચેટ વાયરલ

જૂનાગઢ,

જુનાગઢ ભવનાથ ક્ષેત્રમાં આવેલા ભારતી આશ્રમના મહંત મહાદેવ ભારતીની એક સેવક સાથેની કથિત ચેટ તથા ઓડિયો વાયરલ થતા ચકચાર મચી છે. એક તરફ લાપતા મહંતની શોધખોળ ચાલી રહી છે. બીજી તરફ વાંધાજનક કહી શકાય એવી ઓડિયો તથા ચેટથી નવો વિવાદ છેડાયો છે.જૂનાગઢના ભવનાથ ક્ષેત્રમાં આવેલા ભારતી આશ્રમના લઘુમહંત ૧૦૦૮ મહામંડલેશ્વર મહાદેવભારતીજી ૨ નવેમ્બરના વહેલી સવારના ૩.૪૭ વાગ્યે ૫ પાનાંની સુસાઈડ નોટ લખી આશ્રમમાંથી ગુમ થયા છે. આશ્રમ સંચાલકોએ મહાદેવભારતી ગુમ થયાની ભવનાથ પોલીસ સ્ટેશનમાં જાણ કરી છે. આ સમગ્ર મામલાને લઈ ભવનાથ પોલીસ તેમજ જૂનાગઢ પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા મહાદેવભારતી બાપુની શોધખોળ શરૂ કરવામાં આવી છે.મહાદેવભારતીની મળી આવેલી સુસાઈડ નોટમાં જે લોકોના નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેઓ અને આશ્રમમાં રહેતા અન્ય લોકોની ભવનાથ પોલીસ દ્વારા પૂછપરછ શરૂ કરવામાં આવી છે. મહાદેવભારતીના ગુમ થયાના કલાકો બાદ પણ કોઈ પત્તો ન લાગતા પોલીસે તપાસ તેજ કરી છે. દરમિયાન આજે સોશિયલ મીડિયા પર મહાદેવ ભારતીની એક સેવક સાથેની વ્હોટસઅપ સ્ટેટસ સ્ક્રીનશોટ સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. જેમાં બાપુ સેવકને દીકુ કહીને તેમજ પોતાનો પ્રેમ અને લાગણી વ્યકત કરતા હોવાનું લખવામાં આવ્યું છે. આ ઉપરાંત ફોનની કથિત ઓડિયો પણ વાયરલ થઈ છે. જેમાં બાપુ સેવકને પ્રેમ ભાવ વ્યક્ત કરવા માટેનો આગ્રહ કરતાં હોવાનો અને તેમાં કશો જ વાંધો ન હોવાનું સંભળાય છે. આ ચેટના સ્ક્રીનશોટ અને કથિત ઓડિયો ઓથેન્ટિક છે.

### અશક્ત હાલતમાં મળ્યા, સિવિલમાં દાખલ

# જૂનાગઢના ભારતી આશ્રમમાંથી ગુમ થયેલા મહંત મળી આવ્યા!




જુનાગઢ,

ગિરનારની તળેટીમાં આવેલા ભારતી આશ્રમના લઘુ મહંત મહાદેવ ભારતી બાપુ ગુમ થયાના મામલાનો આખરે સુખદ અંત આવ્યો છે.

લાંબા સમયની શોધખોળ કર્યા બાદ મહાદેવ ભારતી બાપુ મળી આવ્યા છે. મહાદેવ ભારતી બાપુ જંગલ વિસ્તારમાંથી મળી વ્યા છે. બાપુને પ્રાથમિક સારવાર માટે જૂનાગઢની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, ગુમ થયા બાદ બાપુની તબિયત નાદુરસ્ત હોવાનું જાણવા મળ્યું છે, જેના કારણે તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. સ્યૂસાઈટ નોટ લખ્યા બાદ મહાદેવ ભારતી બાપુ ગુમ થયા હતા.

મહાદેવ ભારતી બાપુ ગુમ થતાં ભવનાથ પોલીસ દ્વારા ગિરનારના જંગલમાં મોટું સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

આ સર્ચ ઓપરેશનમાં મોટો કાફલો જોડાયો હતો. જૂનાગઢની ૮ ટીમો દ્વારા જંગલમાં સઘન શોધખોળ કરવામાં આવી હતી. કુલ ૩૦૦થી વધુ કર્મચારીઓઆ અભિયાનમાં જોડાયા હતા. જેમાં ૨૪૦થી વધારે પોલીસ સ્ટાફ, ૩૦થી વધારે વન કર્મચારીઓ, ૪૦થી વધારે SDRF જવાનો દ્વારા જટાશંકર વિસ્તાર પાસેથી આ વિશાળ સર્ચ ઓપરેશનની શરૂઆત કરવામાં આવી હતી. સર્ચ ટીમો વચ્ચે સતત સંકલન જળવાઈ રહે તે માટે તમામ ટીમો પાસે વોકીટોકી રાખવામાં આવી હતી.

### સાયબર સ્લેવરીનું રેકેટ

# ગુજરાતીઓને થાઇલેન્ડના માર્ગે ગેરકાયદે મ્યાનમાર લઈ જતી ગેંગ અંતે ઝડપાઈ

## પોરબંદરના હિતેશ સોમૈયા નામના આરોપીની ધરપકડ




ગાંધીનગર,

ગુજરાતી અને ભારતીયોને થાઈલેન્ડના માર્ગે ગેરકાયદેસર મ્યાનમાર લઈ જઈ સાયબર સ્લેવરી કરાવતી એક ગેંગનો પર્દાફાશ ગુજરાત સાયબર સેન્ટર ફોર એક્સેલેન્સ દ્વારા કરવામાં આવ્યો છે. સમગ્ર મામલે પોલીસે પોરબંદરના હિતેશ સોમૈયા નામના આરોપીની ધરપકડ કરી છે. આરોપી દોઢ વર્ષ બાદ ભારત આવ્યો હોવાનું જણાય છે. સાયબર ક્રાઈમ સેલના SP ડૉ. રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ભારતીયોને થાઈલેન્ડમાં લઈ જવામાં આવતા હતા, ત્યાંથી ગેરકાયદેસર મોઈ નદી ક્રોસ કરાવતા હતા અને ત્યાં જઈને સાયબર ફ્રોડના કામ કરાવતા હતા. જેમાં મ્યાનમારમાં આરોપીઓ એક ઓફિસ ચલાવીને ભારતીય લોકોને ગુલામ બનાવવામાં આવતા હતા.

SPએ વધુમાં જણાવ્યું કે, આરોપીએ અને અન્ય પરત આવેલા લોકોએ કહ્યું કે થાઈલેન્ડમાં ચાઈનીઝ ડ્રાઈવર લેવા જતો, આ દરમિયન એમને નદીના રસ્તે પૂછવામાં આવતું કે નોકરી કરશો કે ભારત પરત ફરશો. સમગ્ર રેકેટમાં અલગ-અલગ યુનિટ બનાવવામાં આવતા હતા. જેમાં ભારતીય લોકો દ્વારા એમના ટાર્ગેટ પ્રમાણે કામ કરાવવામાં આવતું હતું. હોમસેંક કંપની દ્વારા સલૂન, સ્પા, કેસિનોની કોમેન્ટમાં પૈસાદાર લોકોની સ્ટડી કરીને તેમને ટાર્ગેટ કરતા હતા. તેઓ છેંનો ઉપયોગ કરીને વીડિયો બનાવી હતા. પછી ફેસબુક દ્વારા સંપર્ક કરીને લોકોને વિશ્વાસમાં લેતા હતા અને ક્રિપ્ટોમાં ઈન્વેસ્ટમેન્ટ કરાવતા હતા.

### કોસંબા સુટકેસ મર્ડર કેસનો ભેદ ઉકેલાયો

# લિવ ઇનમાં રહેતા પ્રેમીએ ટ્રોલી બેગમાં પ્રેમિકાની લાશ ભરી




સુરત,

સુરત જિલ્લાના કોસંબા ખાતે સુટકેસમાંથી મળી આવેલા અજાણી મહિલાના મૃતદેહના રહસ્ય પરથી આખરે પડદો ઊંચકાયો છે. એલસીબીએ પોલીસે આ હત્યા કેસના મુખ્ય આરોપી, મૂળ બિહારના રહેવાસી રવિ શર્માને દિલ્હી નજીકથી ઝડપી પાડ્યો છે.પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે મૃતક મહિલા અને આરોપી રવિ શર્મા પ્રેમી-પ્રેમિકા તરીકે સાથે રહેતા હતા. મહિલા સતત રવિ પર લગ્ન કરવા માટે દબાણ કરી રહી હતી. લગ્ન માટેનું આ દબાણ જ મહિલાની હત્યાનું કારણ બન્યું હતું. દબાણથી કંટાળીને પ્રેમી રવિ શર્માએ તેની પ્રેમિકાની ગળું દબાવીને નિર્મમ હત્યા કરી નાખી હતી. હત્યા કર્યા બાદ આરોપીએ મૃતદેહને છુપાવવા માટે તેને એક મોટી સુટકેસમાં ભર્યો હતો અને કોસંબા વિસ્તારમાં ખાસ કરીને તરસાડી નજીક ખાડી પાસે ફેંકી દીધો હતો. આ ઘટના બાદ આરોપી રવિ દિલ્હી નજીક ફિરોઝાબાદ ભાગી ગયો હતો. સોમવારે કોસંબા-તરસાડી ખાતે ટ્રોલી બેગમાંથી બાંધેલી હાલતમાં અજાણી મહિલાની લાશ મળી આવતા સમગ્ર સુરત જિલ્લામાં ચકચાર મચી ગઈ હતી. શરૂઆતમાં મૃતકની ઓળખ કરવી પોલીસ માટે પડકારરૂપ બની હતી, પરંતુ જિલ્લા પોલીસે પાંચથી વધુ ટીમો બનાવીને તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. આ ઘટનામાં પોલીસે ટેક્નિકલ સર્વેલન્સના આધારે આરોપીને ટ્રેસ કર્યો હતો. પોલીસે મૃતક મહિલાની ઓળખ મેળવતા જ એલસીબીએ તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપી રવિ શર્મા સુધી પહોંચી અને દિલ્હી નજીકથી તેની ધરપકડ કરી લીધી હતી. આધારભૂત સૂત્રો અનુસાર, કોસંબા બજારની એક દુકાનમાંથી આરોપીએ આ ટ્રોલી બેગ ખરીદી હોવાની માહિતી મળતાં પોલીસે તે દુકાન આસપાસના સીસીટીવી ફૂટેજ પણ મેળવ્યા હતા, જે તપાસમાં મદદરૂપ સાબિત થયા. શરૂઆતમાં લોકો મૃતક મહિલાને રવિની પત્ની માની રહ્યા હતા.

# માતા બાળકને મળવાના પિતાના કાયદેસર હક ઉપર તરાપ મારી શકે નહીં : હાઇકોર્ટ

અમદાવાદ,

બાળકની કસ્ટડી અને છૂટાછેડાના એક કેસમાં હાઈકોર્ટે એક માતાને રૂ. ૧૦ હજારનો દંડ ફટકાર્યો છે અને એવું મહત્ત્વપૂર્ણ અવલોકન કર્યુ છે કે,'કોઈ પણ માતા બાળકને મળવાના તેના પિતાના કાયદેસરના અધિકાર ઉપર તરાપ મારી શકે નહીં. આ કેસમાં માતાએ કોર્ટના આદેશને અવગણીને સતત એવા પ્રયત્નો કરતી હોવાનું સામે આવ્યું છે કે બાળક તેના પિતાને મળી શકે નહીં. અરજદાર માતાના આવા વર્તનની કોર્ટ માત્ર નિંદા જ કરતું નથી, પરંતુ અરજીને રદ કરવાની સાથે દંડ કરવાનું પણ ઉચિત માને છે. કોઈપણ અરજદારને કોર્ટના આદેશોનો ભંગ કરવાની પરવાનગી આપી શકાય નહીં.'પ્રસ્તુત કેસમાં બારડોલી ફેમિલી કોર્ટના આદેશની સામે હાઈકોર્ટમાં અરજી કરી હતી. આ કેસમાં પિતા તરફથી હાઈકોર્ટ સમક્ષ એવી રજૂઆત કરવામાં આવી હતી કે પિતાએ બાળકની કસ્ટડી માટે કેસ કર્યો હતો. એપ્રિલ ૨૦૨૧માં તેની પત્ની પતિનું ઘર છોડીને જતી રહી હતી અને ત્યારથી તેઓ જુદા રહે છે. બીજી તરફ પત્નીએ પણ છૂટાછેડા અને ભરણપોષણની અરજી કરી હતી. આ અરજીઓ પેન્ડિંગ હતી એ દરમિયાન ફેમિલી કોર્ટે એક વચગાળાનો આદેશ કરી પિતાને દર રવિવારે અને દિવાળી તથા ઉનાળુ વેકેશનમાં બાળકને એક ચોક્કસ સમય દરમિયાન મળવા દેવાનો હુકમ કર્યો હતો. તેમ છતાંય પત્નીએ બાળકને પિતાથી દૂર રાખવાનો અને નહીં મળવા દેવાના પ્રયત્નો કર્યા હતા. તેથી તે બાળકને મળી શકતો નહોતો. પત્નીનું આ કૃત્ય કોર્ટના આદેશની પણ અવમાનના સમાન છે.'હાઈકોર્ટે આ રજૂઆતો અને કેસના તથ્યો તથા બંને તરફથી દલીલોને ધ્યાને લેતાં પત્નીના વર્તનની ઝાટકણી કાઢી તેને વખોડી કાઢી હતી. હાઈકોર્ટે આદેશમાં નોંધ્યું હતું કે,'કાર્યવાહી દરમિયાન બાળકને મળવું એ પિતાનો અધિકાર છે અને માતાપિતાને બાળકને મળવાના તેમના કાયદેસરના અધિકારથી વંચિત રાખી શકાય નહીં.કમનસીબે, આ કાર્યવાહી ઘણા વર્ષો સુધી લંબાશે, અને તે સમય સુધીમાં બાળક પણ મોટું થઈ જશે. એવું બની શકે છે કે ભવિષ્યમાં બાળક તેના પિતાને ઓળખી શકશે નહીં.

Printed, Published and Owned by **Raval Prakash Jagdish** and Printed at **Gujarat Garjana Offset**, B/13, Shri Sainath Ind. Estate, Nr. G.D. High School, B/h. Kubereshwar Mahadev Saijpur Bogha, Naroda Ahmedabad-382345. Published From - 703, Starline Complex, Alkapuri, Opp. Circuit House, Vadodara - 380007. Editor :- **RAVAL PRAKASH JAGDISH**

Printed, Published and Owned by **GANESH P. TRIVEDI** and Printed at **Gujarat Garjana Offset**, B/13, Shri Sainath Ind. Estate, Naroda Ahmedabad-382345. and **Published from** 791/1, G.H.B., L.B.S. Marg, Bapunagar Ahmedabad-380024.